આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં ૨૪ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વલસાડ જિલ્લામાં તેમજ વાપી પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે ધોધમાર વરસાદ વરસતા જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

વાપીમાં રેલવેના જે ટાઈપ ખાતે આવેલ નવા અંડરબ્રિજ તેમજ જૂના રેલવે અન્ડરબ્રીજમાં વરસાદી પાણી ભરાતા વાહનવ્યવહાર કેટલાક સમય માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. રાત્રે વરસાદના કારણે વાપીના નાના અને મોટા બંને ગરનાળા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે સવાર સુધી બંને ગરનાળા પર વાહન વ્યવહાર બંધ રાખવામાં આવ્યો હતો. પરિણામે નોકરિયાતો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાઈવે રોડ, આઝાદ કોમ્પલેક્સથી નૂતનગર જતા રોડ પર વરસાદી પાણી ભરાતા તળાવ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત ચલા સહિત શહેરના નીચાણવાળા અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. વાપી જૂના ફાટક પાસે આવેલો પેલેસ્ટ્રિયન સબવે ફરી એક વખત સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગયો હતો. અલબત્ત આજે વહેલી સવારથી જ વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્રએ તાત્કાલિક કામગીરી હાથ ધરી પમ્પિંગ મશીનો દ્વારા પાણીનો નિકાલ શરૂ કર્યો હતો. જેના પરિણામે થોડા જ સમયમાં અંડરબ્રિજોમાંથી પાણી કાઢવામાં આવતા વાહનવ્યવહાર ફરીથી શરૂ થઈ શક્યો હતો. જોકે પાણી ભરાવાના કારણે અનેક વાહનો બંધ પડી જવાના બનાવો પણ નોંધાયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે વાપી પૂર્વ અને પશ્ચિમમાં માત્ર આવવા જવા માટે વાપી વલસાડ રોડ ઉપર આવેલ અંદર પાસમાંથી વહનચાલકો પસાર થતાં આ માર્ગ ઉપર ભારે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ હતી

વાપી મનપા કંટ્રોલ વિભાગના આંકડા મુજબ વાપીમાં સીઝનનો કુલ વરસાદ ૪૫ ઈંચને પાર પહોંચી ગયો છે. મનપા તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી સ્થળોએ પંપીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. હવામાન વિભાગના આંકડા મુજબ વાપી પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે આજે વહેલી સવારના ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન વધુ ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ચાલુ ચોમાસામાં અત્યાર સુધીમાં વાપી વિસ્તારમાં કુલ અંદાજે ૧૧૦૦ મીમી (૪૪ ઈંચ) જેટલો વરસાદ નોંધાયો છે.

## વાપી પંથકના જળસંગ્રહ સ્થાનો છલકાયા

વાપી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી ચોમાસું ફરી સક્રિય બનતા વ્યાપક વરસાદ નોંધાયો છે.

સતત વરસેલા વરસાદને કારણે વાપી મહાનગરપાલિકા વિસ્તાર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તળાવો, જળાશયો, નાળા અને નદીઓમાં નવા પાણીની ભારે આવક થઈ છે. પરિણામે અનેક તળાવો લગભગ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે કેટલાક તળાવો છલકાવાની સ્થિતિમાં પહોંચી ગયા છે.

વાપીના લખમદેવ તળાવ, સુખાલા તળાવ, ડુંગરા તળાવ અને સુલપડ તળાવ ઉપરાંત ચણોદ, નામધા, ચલા, કુંતા, વટાર અને સલવાવ ગામોના તળાવોમાં પણ પાણીનો સારો જથ્થો એકત્ર થયો છે. સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ મોટાભાગના તળાવોમાં ૯૦ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. કેટલાક સ્થળોએ તળાવોમાંથી વધારાનું પાણી ઓવરફ્લો થઈ નજીકના નાળા અને નદીઓમાં વહી રહ્યું છે.

સતત વરસાદના કારણે દમણગંગા, કોલક અને બિલખાડી નદીઓ પણ બંને કાંઠે વહેતી જોવા મળી રહી છે. નદી અને જળાશયોમાં પાણીની આવક વધતા ભૂગર્ભ જળસ્તરમાં પણ નોંધપાત્ર વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, જે ખેડૂતો અને પીવાના પાણીની દૃષ્ટિએ લાભદાયી માનવામાં આવે છે.

## દાનહમાં આગામી ૨૪થી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

### મધુબન ડેમ અને દમણગંગા નદીની સપાટી હાલ સલામત સ્તરે : સાવચેત રહેવા અપીલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૧ :** ભારત હવામાન વિભાગ દ્વારા દાદરા અને નગર હવેલી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવા છતાં હાલમાં જિલ્લામાં પૂર જેવી કોઈ સ્થિતિ સર્જાઈ નથી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા મંગળવારે સાંજે જાહેર કરાયેલા અહેવાલ મુજબ સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સેલવાસમાં ૧૧.૪ મીમી (૦.૪૫ ઈંચ) વરસાદ નોંધાયો હતો. જોકે આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી હોવાથી વહીવટીતંત્રે લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. અહેવાલ મુજબ મધુબન ડેમનું હાલનું જળસ્તર ૭૩.૨૦ મીટર નોંધાયું છે, જે ૭૯.૮૬ મીટરના ચેતવણી સ્તર અને ૮૨.૪૦ મીટરના જોખમી સ્તરથી ઘણું નીચે છે. ડેમમાં ૨૦,૪૭૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જ્યારે ૨૫,૫૨૫ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ ડિસ્ચાર્જ ૨.૫૦ લાખ ક્યુસેકના એલર્ટ સ્તરની સરખામણીએ ઘણો ઓછો હોવાથી હાલ કોઈ તાત્કાલિક જોખમ નથી. બીજી તરફ અથલ બ્રિજ ખાતે દમણગંગા નદીનું જળસ્તર ૨૬.૯૦૦ મીટર નોંધાયું છે, જે ૨૯.૦૦ મીટરના ચેતવણી સ્તર અને ૩૦.૦૦ મીટરના જોખમી સ્તરથી નીચે છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા ડેમ તેમજ નદીના જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ દક્ષિણ ગુજરાત તથા દાદરા અને નગર હવેલી વિસ્તારમાં આગામી દિવસોમાં ચોમાસાની ગતિવિધિ વધુ સક્રિય બની શકે છે. ઉપરવાસમાં ભારે વરસાદ પડ્યે દમણગંગા નદી તથા મધુબન ડેમના જળસ્તરમાં ઝડપી વધારો થઈ શકે છે. આથી વહીવટીતંત્રે નાગરિકોને નદી કિનારાથી દૂર રહેવા, પાણી ભરાયેલા માર્ગો પાર ન કરવા, અવરજવર ટાળવા અપીલ કરી છે.

## આજે જિલ્લામાં ૧૫૩ રસ્તા બંધ, સિઝનનો વરસાદ ૪૪ ઈંચ થયો

### વલસાડ-નવસારી જિલ્લામાં ગુરુવાર સુધી ભારેથી હળવા વરસાદનું એલર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** આજે ભારત સરકારના હવામાન વિભાગ તરફથી ૭ દિવસ માટે જિલ્લાવાર આગાહી જાહેર કરવામાં આવી હતી એ મુજબ બુધવારે વલસાડ, નવસારી જિલ્લામાં રેડ એલર્ટ જ્યારે ગુરુવારે ઓરેન્જ અને પછી યલો એલર્ટની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. જયારે વલસાડ જિલ્લા ફલડ કંટ્રોલરૂમ તરફથી માહિતી પ્રમાણે આજે મંગળવારે સવારે ૬ કલાકથી સાંજે ૬ કલાક સુધીમાં વલસાડ જિલ્લામાં કુલ ૪૬.૭૧ મી.મી. વરસાદ સરેરાશ નોંધાયો હતો. તાલુકા મુજબ જોઈએ તો વલસાડ તાલુકામાં ૪૭ મીમી., ધરમપુર તાલુકામાં ૩૪ મીમી, પારડીમાં ૩૪ મીમી, કપરાડામાં ૯૮ મીમી, ઉમરગામમાં ૦, વાપીમાં ૩૧ મીમી. અને નાનાપોંઢામાં ૮૩ મીમી સરેરાશ વરસાદ નોંધાયો હતો. સિઝનનો કુલ વરસાદ ૧૧૧.૨૯ મીમી એટલે કે ૪૪ ઈંચ સુધી પહોચ્યો છે.બીજી બાજુ વલસાડ જિલ્લામાં આજે માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લામાં રસ્તાઓની સ્થિતિ અંગે જાણકારી આપવામાં આવી હતી એ મુજબ વરસાદને કારણે રોડ અને કોઝવે ઓવરટેપીંગ થવાના કારણે જિલ્લાના ૬ તાલુકાઓમાં કુલ ૧૫૩ રસ્તાઓ બંધ કરવા પડયા હતાં. જેમાં કપરાડામાં ૪૧, ધરમપુરમાં ૯, પારડીમાં ૩૯, નાનાપોંઢામાં ૩૨, ઉમરગામમાં ૨ અને વલસાડમાં ૩૦ રસ્તાનો સમાવેશ થાય છે.

## વલસાડ વિસ્તારમાં પણ જળબંબાકાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયા બાદ ગઈકાલે રાત્રેથી ધોધમાર વરસાદ પડતા વલસાડના શહેરી વિસ્તારની સોસાયટીઓ, જાહેર રસ્તા, હાઈવે સર્વિસ રોડ પર પાણી ભરાતા જળબંબાકાર બની ગયા હતાં. વલસાડ જિલ્લાના ઉપરવાસ કપરાડા-ધરમપુર વિસ્તારમાં ભારે વરસાદ પડવાના પગલે વલસાડની ઔરંગા અને વાંકી નદી બે કાંઠે વહી હતી વલસાડ શહેરના અબ્રામા, મોગરાવાડી, અબ્રામા ટીવી રિલે કેન્દ્ર, તિથલ રોડ, હાલર રોડ, તરીયાવાડ સહિત નિચાણ વાળો વિસ્તારની સોસાયટી જળબંબાકાર બની ગયા હતા. વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ના ધરમપુર ચોકડી, હાઈવે ઓવર બ્રિજ સર્વિસ રોડ, ડી માર્ટ પાસે , પારનેરા પારડી હાઈવે, અતુલ હાઈવે સર્વિસ રોડ, ડુંગરી રોલા હાઈવે તેમજ વલસાડના છીપવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણીનો ભરાવો થતા રસ્તો બંધ થયો હતો. જેના કારણે વાહન ચાલકોને ભારે તકલીફ પડી હતી.

## માલવણમાં તળાવમાં વૃદ્ધ ડૂબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ તાલુકાના માલવણ ગામના કરદિવા ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ કાંતિભાઈ પટેલ વ્યવસાયે માછીમાર સ્થાનિક તળાવમાં માછીમારી કરતી વખતે કોઈ કારણસર તેઓ અકસ્માતે તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સાંજ પડવા છતાં કાંતિભાઈ પટેલ સમયસર ઘરે પરત ન ફરતા તેમની શોધખોળ શરૂ કરી હતી. અંતે, કલાકોની મહેનત બાદ વૃદ્ધ કાંતિભાઈ પટેલનો મૃતદેહ મળી આવ્યો હતો.

નેમિનાથ ટ્રેડર્સ






ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

WE HAVE 15 BACKWARD INTEGRATED FACILITIES* MANUFACTURING OVER 9,000 PRODUCTS.**

6 IN INDIA, 6 IN THE US, 2 IN THE UK AND ONE IN MEXICO.*



25+ years of experience in the MIM# industry (#Metal Injection Moulding)
Customers in 55 countries^ (^Over the last three Fiscals)
1,100+ Indian & Global OEM Customers* (*Served during Fiscal 2026)

- World's largest manufacturer of precision engineering components using MIM# technology, for the past 6 years^
- Diverse product portfolio caters to automotive, defence, medical, consumer and aerospace sectors
- Expanded manufacturing capabilities over the years and as of March 31, 2026, have the world's largest installed capacity for MIM products (Source: F&S Report)
- Customers across 55 countries in the last three fiscals; long-standing relationships with Indian and global OEMs
- Deployed 436 robots and 476 Internet of Things enabled machines, as of March 31, 2026

INDO-MIM® COMPLEXITY SIMPLIFIED
www.indo-mim.com

*As of the date of the Red Herring Prospectus | **In Fiscal 2026 | ^ With a market share of 6.8% in terms of revenue from MIM in Calendar Year 2025 (Source: F&S Report)

**INDO-MIM LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP along with the Abridged Prospectus dated July 17,2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.indo-mim.com and on the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. HDFC Bank Limited, Axis Capital Limited, ICICI Securities Limited, Kotak Mahindra Capital Company Limited and SBI Capital Markets Limited at www.hdfc.bank.in, www.axiscapital.co.in, www.icicisecurities.com, https://investmentbank.kotak.com/ and www.sbicaps.com, respectively. **Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* on page 18 of the RHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment.**
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**"), or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act.

Adfactors 186/26

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


બોટિંગ દરમ્યાન ઝીરો વિઝિબિલિટીથી પ્રવાસીઓનો જીવ જોખમમાં

## સાપુતારામાં નિયમોને નેવે મૂકીને બેરોકટોક બોટિંગ ચાલુ!



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૧ :** ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. સાપુતારાના મુખ્ય આકર્ષણ સમાન સર્પગંગા તળાવમાં હાલમાં પ્રવર્તી રહેલા અતિશય ગાઢ ધુમ્મસ અને ઝીરો વિઝિબિલિટી (નજીકનું પણ ન દેખાવું) જેવી જોખમી પરિસ્થિતિ હોવા છતાં, નિયમોને નેવે મૂકીને બેરોકટોક બોટિંગ ચાલુ રાખવામાં આવ્યું છે.વાતાવરણ એટલું ધૂંધળુ છે કે સામેથી આવતી અન્ય બોટ પણ જોઈ શકાતી નથી,તેમ છતાં તળાવમાં બોટોની ભારે ભીડ જોવા મળી રહી છે, જે કોઈપણ મોટી હોનારતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અહીં સુરક્ષા વ્યવસ્થાના નામે મીંડું છે.તળાવમાં દોડતી બોટોની સંખ્યાની સરખામણીએ ત્યાં તૈનાત કરવામાં આવેલો સુરક્ષા સ્ટાફ ખૂબ જ ઓછો છે. જો આવી કપરી પરિસ્થિતિમાં કોઈ દુર્ઘટના સર્જાય અથવા બોટો પરસ્પર અથડાય, તો પ્રવાસીઓનો બચાવ કોણ કરશે અને આ માટે જવાબદાર કોણ રહેશે? તે એક મોટો સવાલ છે. નિર્દોષ પ્રવાસીઓના જીવ જોખમમાં મૂકાઈ રહ્યા હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં તંત્રની નબળી કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.ભૂતકાળની મોટી હોનારતોમાંથી પાઠ ભણવાના બદલે તંત્ર હજુ પણ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે.સ્થાનિક રહીશો અને પ્રવાસી હિતરક્ષકો માંગ કરી રહ્યા છે કે, કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં જ વહીવટી તંત્ર સફાળું જાગે અને ધુમ્મસભર્યા વાતાવરણમાં બોટિંગ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા સહિતના કડક સુરક્ષા પગલાં ભરવાની માંગ ઉઠી છે.

## બીલીમોરા-ગણદેવીમાં નદીઓની જળસપાટી વધતા ખેડૂતોમાં આનંદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૧ :** દક્ષિણ ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રિય થતાં જ હવામાન વિભાગની આગાહી વચ્ચે ગણદેવી તાલુકામાં મેઘરાજાનો બીજો રાઉન્ડ ધમાકેદાર રીતે શરૂ થયો છે, જેનાથી જગતના તાતમાં ભારે ખુશીનો માહોલ છવાયો છે. સોમવારે સાંજે ૪ વાગ્યા સુધીના ૨૪ કલાક દરમિયાન ગણદેવી પંથકમાં મન મુકીને વરસેલા વરસાદમાં કૂલ ૧૦૮ મીમી (૪.૩૨ ઈંચ) પાણી ખાબક્યું હતું. દિવસભર છવાયેલા અષાઢી માહોલ અને ઝરમરથી લઈને ભારે વરસાદના કારણે લોકજીવન પર અસર જોવા મળી હતી અને લોકો રેઈનકોટ તથા છત્રી સાથે બહાર નીકળવાની નોબત આવી હતી. સતત વરસેલા વરસાદને કારણે કાવેરી અને અંબિકા નદીની જળસપાટીમાં ૧-૧ ફૂટનો વધારો નોંધાતા કાવેરી નદી ૯ ફૂટે અને અંબિકા નદી ૧૨.૨૬ ફૂટે વહેતી થઈ હતી.

આ સિવાય કાંઠા વિસ્તારના વણગામ નવા ફળીયા મુખ્ય માર્ગ પર આંબલીનું તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં થોડા સમય માટે વાહન વ્યવહાર ખોરવાયો હતો. મોસમનો કુલ વરસાદ હવે ૯૯૬ મીમી (૩૯.૮૪ ઈંચ) પહોંચી ગયો છે, ત્યારે સમગ્ર પંથકના ખેડૂતો ઉત્સાહભેર ખેતીકામમાં જોતરાઈ ગયા છે.

## દાંડીમાં કાર્પ મત્સ્ય ઉછેર અંગે તાલીમ યોજાઈ

**માછલીના આરોગ્ય, ખોરાક વ્યવસ્થાપન અને આધુનિક મત્સ્ય ઉછેર તકનિકો અંગે ખેડૂતોને માર્ગદર્શન અપાયું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી, નવસારી હસ્તક કાર્યરત પ્લાન યોજના એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ડેમોનસ્ટ્રેશન કમ ટ્રેનીંગ સેન્ટર ઈન ઈનલેન્ડ ફિશરીઝ એટ નવસારી અંતર્ગત જલાલપોર તાલુકાના દાંડી ગામે 'કાર્પ મત્સ્ય ઉછેર અંતર્ગત માછલીનું આરોગ્ય અને ખોરાક વ્યવસ્થાપન' વિષયક એક દિવસીય ઓફ-કેમ્પસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નવસારી કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સના આચાર્ય ડૉ. એચ. જી. સોલંકી, અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પ્રાસંગિક ઉદ્બોધનમાં ડૉ. એચ. જી. સોલંકીએ મત્સ્ય ખેડૂતોને કોલેજ દ્વારા સંચાલિત વિવિધ ખેડૂતોપયોગી યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતાં. તેમણે પાણીની ગુણવત્તા જાળવવાના મહત્વ, માછલીઓમાં રોગોના પ્રારંભિક લક્ષણોની ઓળખ, નિયમિત આરોગ્ય નિરીક્ષણ, યોગ્ય સ્ટોકિંગ ઘનતા તેમજ બાયોસુરક્ષા સંબંધિત જરૂરી પગલાં અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.ડૉ. એ. એસ. કોટિયાએ માછલીના ખોરાક વ્યવસ્થાપન અંગે માહિતી આપતાં વૃદ્ધિના વિવિધ તબક્કા મુજબ સંતુલિત આહાર, યોગ્ય પ્રોટીનનું પ્રમાણ, ખોરાક આપવાનો યોગ્ય સમય અને જથ્થો તેમજ ઓછી કિંમતમાં પોષણયુક્ત આહાર તૈયાર કરવાની પદ્ધતિઓ વિશે સમજણ આપી હતી.

ડૉ. સુશીલાબેન દ્વારા કાર્પ મત્સ્ય ઉછેરમાં માછલીઓના આરોગ્ય વ્યવસ્થાપનના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે ડૉ. ઉદય ગુર્જરે સંકલિત મત્સ્ય ઉછેર અંતર્ગત અપનાવી શકાય તેવી વિવિધ આધુનિક તકનિકોની વિગતવાર માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતે પ્રો. એ. ડી. ચાંદેગરાએ આભારવિધિ વ્યક્ત કરી હતી અને તાલીમ કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ જાહેર કરી હતી. તાલીમ દરમિયાન ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં મત્સ્ય ઉછેર સંબંધિત વિવિધ પ્રશ્નોના નિષ્ણાંતો દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતાં. તાલીમમાં આશરે ૩૦ જેટલા મત્સ્ય ખેડૂતો ઉપસ્થિત રહી લાભાન્વિત થયા હતા.

## વાંસદાથી રૂા. ૫.૫૪ લાખનું અફીણ ઝડપાયું

**હનુમાનબારીમાં દરોડો પાડતાં રૂા. ૧૮.૬૮ લાખના મુદ્દામાલ સાથે બે રાજસ્થાની ઝડપાયા : સપ્લાયર વોન્ટેડ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૧ :** નવસારી SOG પોલીસે વાંસદા તાલુકાના હનુમાનબારી ગામે દરોડો પાડી રૂા.૫.૫૪ લાખ કિંમતનું ૧.૧૫૫ કિલોગ્રામ અફીણ, વેચાણના રૂા. ૨.૩૨ લાખ રોકડા મળી બે રાજસ્થાની યુવકની ધરપકડ કરી છે.

નવસારી SOGને બાતમી મળી હતી કે હનુમાનબારી ગામે ગ્રામ પંચાયત સામે શ્રીજી ફર્નિચરની બાજુમાં રહેતો મગલારામ જગમલારામ પોતાના ઘરે અફીણનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. પોલીસે સ્થળ પર દરોડો પાડતા મગલારામ પાસેથી ૧.૧૫૫ કિલોગ્રામ અફીણ મળી આવ્યું, જેની અંદાજિત કિંમત રૂ.૫,૫૪,૫૫૦ થાય છે. ઉપરાંત અફીણના વેચાણમાંથી મળેલા રૂ.૨,૩૨,૬૫૦ રોકડા પણ કબજે કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અફીણ ખરીદવા આવેલા ગણેશારામ ભવરલાલ (હાલ ભારતી કોમ્પ્લેક્સ, શાકભાજી માર્કેટ પાસે, વાંસદા) પણ ઝડપાયો હતો. તેણે ૫૦ ગ્રામ અફીણ રૂા.૪,૨૦૦માં ખરીદ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. તે પોતાની ગ્રાન્ડ વિટારા કાર (નં. GJ 21 CE 3233) લઈને આવ્યો હતો, જેને પણ પોલીસે જપ્ત કરી હતી. પોલીસે અફીણ, રોકડ, કાર, મોબાઈલ સહિત કુલ રૂ. ૧૮,૬૮,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અફીણનો જથ્થો દિનેશ ચુનીલાલ બિશ્નોઈ (રહે., ભેરુડી, જિ.બાડમેર, રાજસ્થાન) ફોર્ચ્યુનર કારમાં લઈને મગલારામને પહોંચાડી ગયો હતો. SOG પોલીસે મગલારામ અને ગણેશારામની ધરપકડ કરી વાંસદા પોલીસ મથકે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાવી અફીણ સપ્લાય કરનારને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો**
**www.damangangatimes.com**

## મજીગામ અને બલવાડામાં ફલડલાઈટો બંધ રહેતા વાહનચાલકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૧ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ મજીગામ અને બલવાડા ઓવરબ્રિજ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી ફલડ લાઈટ બંધ રહેતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ વીઠવી પડી રહી છે.

ચીખલી ને.હા. નંબર ૪૮ ઉપર આવેલ મજીગામ તથા બલવાડા ઓવરબ્રીજ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી ફલડ લાઈટ બંધ હાલાતમાં રહી છે. હાઈવે ઓથોરિટી દ્વારા ચોમાસા અગાઉ બ્રીજો ઉપર ફલડ લાઈટને રીપેર કરવામાં આવી હતી પરંતુ ચોમાસા દરમિયાન આ ફલડ લાઈટો બંધ રહેતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે. જોકે ચોમાસા દરમિયાન આ બ્રિજ ઉપર ખાડાઓ પડતા વાહન ચાલકોના વાહનો ખાડામાં પડતા વાહનો ખરાબ થઈ રહ્યા હોવાની પણ બૂમો ઊઠી રહી છે.

ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા મજીગામ અને બલવાડા ગામે આવેલ ઓવરબ્રીજ ઉપરની ફલડ લાઈટો વહેલી તકે ચાલુ કરવામાં આવે તે જરૂરી છે.

વઘઈ પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુપાલકો માટે

## જાલાપાડામાં પશુઓના વ્યવસ્થાપન અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૧ :** પશુ વિજ્ઞાન કેન્દ્ર (પી.વી.કે.), વઘઈ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, વઘઈ દ્વારા ડાંગ આહવા ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના સયુંકત ઉપક્રમે ચોમાસાની ઋતુ દરમ્યાન પશુઓનું વ્યવસ્થાપન વિષયક તાલીમ કાર્યક્રમ તારીખ ૨૦ જુલાઈના રોજ ગામ-જામલાપાડા (રંભાસ), તાલુકા- વઘઈ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં કુલ ૫૬ પશુપાલકોએ ભાગ લીધો અને પશુપાલન અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી. કાર્યક્રમની શરૂઆત ડો. એસ. બી. કાપડી (પશુચિકીત્સા અધિકારી) દ્વારા પશુ વિજ્ઞાન કેન્દ્રના ઉદ્દેશો અને કામગીરીની વિગતવાર માહિતી આપી હતી. ડૉ. મહેશકુમાર પી. માઢવાતર (મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા ચોમાસાની ઋતુ દરમિયાન પશુ રહેઠાણનું વ્યવસ્થાપન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. ઉત્સવભાઈ એસ. સુરતી, (મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા ચોમાસાની ઋતુ દરમ્યાન પશુ સ્વાસ્થ્યની જાળવણી માટેના પગલાઓ વિસ્તૃત રીતે સમજાવાયા હતાં.

આ સમગ્ર કાર્યક્રમ ડો. ઉત્સવભાઈ એસ. સુરતી અને ડૉ. એસ. બી. કાપડી દ્વારા, ડૉ. એમ. એમ. ઈસ્લામ (હેડ, પી.વી.કે.) ના નેતૃત્વમાં અને ડૉ. વી. એસ. ડબાસ (આચાર્ય, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, નવસારી) તથા ડૉ. જે. એસ. પટેલ (વિસ્તરણ શિક્ષણ નિયામક, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર)ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

## ડાંગમાં ખેડૂતો ડાંગરની રોપણીમાં વ્યસ્ત બન્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૧ :** ડાંગ જિલ્લામાં વરસાદી વિરામ બાદ ફરી એકવાર ધીમી ધારનો વરસાદ શરૂ થતા સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે.જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સતત ઝરમર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. હિલ સ્ટેશન સાપુતારામાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં દૃશ્યતા ઘટી હતી. પરિણામે વાહનચાલકોએ હેડલાઈટ અને ઈન્ડિકેટર ચાલુ રાખીને સાવચેતીપૂર્વક વાહનો હંકારવાની ફરજ પડી હતી. સાપુતારા ખાતે વરસાદ અને ધુમ્મસના મનોહર વાતાવરણનો આનંદ માણવા આવેલા પ્રવાસીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લાના સાપુતારા, શામગહાન, બોરખલ, ગલકુંડ, આહવા, લવચાલી, સુબિર, સિંગાણા, બરડીપાડા, કાલીબેલ, ભેંસકાતરી, ઝાવડા, વઘઈ, સાકરપાતળ, ચીંચલી, ગારખડી, પીપલાઈદેવી સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય વિસ્તારોમાં શુક્રવારે દિવસ દરમ્યાન ધીમી ધારનો વરસાદ નોંધાયો હતો.

ડાંગ જિલ્લામાં વરસાદની મહેરથી ખેતીકાર્યોને પણ વેગ મળ્યો છે. ખેતરોમાં પૂરતો ભેજ મળતા ડાંગ જિલ્લાના ખેડૂતો ડાંગરની રોપણીના કામમાં જોતરાઈ ગયા છે, જેના કારણે કૃષિ ક્ષેત્રમાં નવી આશા જાગી છે.

## નવસારીમાં જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક મળી



**નવસારી, તા. ૨૧ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની સમીક્ષાની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, જાહેર વિતરણ વ્યવસ્થા, ચાર્જમાં ચાલતી વાજબી ભાવની દુકાનોની કામગીરી તેમજ ગ્રાહક સુરક્ષાને લગતા વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટરએ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા અને રેશનિંગની દુકાનો પરથી ગરીબ પરિવારોને નિયમિત તેમજ ગુણવત્તાયુક્ત અનાજ મળી રહે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને કડક સૂચના આપી હતી. તેમજ પુરવઠા વિભાગને સતત ચેકિંગ હાથ ધરવા પણ આદેશ કર્યો હતો. તથા વેપારીઓ દ્વારા વજનમાં ગેરરીતિ ન થાય તે માટે નિયમિત આકસ્મિક તપાસ કરવા તાકીદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેઠકમાં ગત માસમાં જિલ્લામાં વાજબી ભાવની દુકાનોમાં કરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન સામે આવેલી અનિયમિતતાઓ અંગે કલેક્ટરશ્રીએ સમીક્ષા કરી હતી. તપાસ દરમિયાન જે વાજબી ભાવની દુકાનો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે, તે તમામ કેસોમાં નિયત દંડની વસૂલાત ત્વરિત પૂર્ણ કરવા તેમજ વસૂલાતની કામગીરીમાં કોઈપણ પ્રકારની ઢીલાશ ન રાખવા સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપી હતી. સાથે જ ભવિષ્યમાં પણ અનિયમિતતા આચરનાર સામે નિયમોનુસાર કડક કાર્યવાહી ચાલુ રાખવા ભાર મૂક્યો હતો. બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી પ્રિયંકાબેન પટેલે વિભાગની કામગીરીનો ચિતાર આપ્યો હતો. આ બેઠકમાં નવસારી જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, સમિતિના અગ્રણી સભ્યો, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને પોતાના સૂચનો રજૂ કર્યા હતાં.

## ચીખલીમાં મોસમનો કુલ વરસાદ ૪૬ ઈંચ નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૧ :** ચીખલી તાલુકામાં મોડી રાતથી વરસાદ મન મૂકીને વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેતરોમાં પાણી થતાં ખેડૂતોએ ડાંગરની રોપણી શરૂ કરી છે. જ્યારે ચીખલી તાલુકા ફલડ કંટ્રોલમાં સવારથી સાંજ સુધીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાનું નોંધાયું છે.

ચીખલી પંથક સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાતથી વરસાદ થતાં ખેડૂતોએ ડાંગરની રોપણી શરૂ કરી છે.

છેલ્લા કેટલાક દિવસોથી આતુરતાથી વરસાદની રાહ જોવાઈ રહી હતી ત્યારે મોડી રાતથી જ વરસાદ થતાં ખેડૂતોએ ખુશી અનુભવી છે મોડી રાતથી પડતા વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતાં. જ્યારે ચીખલી તાલુકા ફલડ કંટ્રોલમાં સવારથી સાંજ સુધીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

જ્યારે મોસમનો કુલ વરસાદ ૧૧૫૮ મી.મી એટલે કે ૪૬ ઈંચ જેટલો વરસાદ નોંધવા પામ્યો છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૨-૦૭-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** અષાઢ, નવમ **સૂર્યોદય :** ૦૬ : ૧૦ **સૂર્યાસ્ત** ૦૭ :૨૧, **ચંદ્રોદય** - ૦૧:૩૫ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૩ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - સ્વાતિ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. જો જીવનસાથ, પ્રેમ કે ભાગીદારો સાથે કોઈ મતભેદ હોય, તો તેને શાંતિથી ઉકેલવાનો પ્રયત્ન કરો. તમારા દૈનિક રૂટીનમાં સ્વાસ્થ્ય સંબંધિત થોડા ફેરફારો કરવાની જરૂર પડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ વેપારીઓ માટે સારો રહેશે, જેમાં નફાની તકો દેખાઈ રહી છે. પારિવારિક વાતાવરણ સહયોગપૂર્ણ રહેશે. સામાજિક સ્તરે કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિને પ્રભાવિત કરી શકશો.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમારા માટે શ્રેષ્ઠ સાબિત થઈ શકે છે. પારિવારિક સહયોગથી તમારો આત્મવિશ્વાસ વધશે. નાણાકીય બાબતોમાં અચાનક લાભ થવાની સંભાવના છે.

**કર્ક(ડ.હ) :** કાર્યક્ષેત્રમાં તમારી મહેનત અને સિદ્ધિઓને કારણે સિનિયર્સ તમારી પ્રશંસા કરશે. આવકના નવા સ્રોતોથી આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

**સિંહ(મ.ટ.) :** આજે તમને કોઈ આકર્ષક રોકાણની તક મળી શકે છે, જે ભવિષ્યમાં ધનવૃદ્ધિ કરાવશે. તમારા પ્રત્યાયન કૌશલ્યથી લોકો પ્રભાવિત થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજનો દિવસ તમારા કરિયર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. વેપારમાં અટવાયેલા નાણાં પરત મળી શકે છે. જો તમે કોઈ નવી નોકરી કે -ોજેક્ટની શરૂઆત કરવા માંગતા હો, તો આજનો દિવસ સારો છે.

**તુલા (ર.ત.) :** ચંદ્રમા તમારી પોતાની રાશિમાં હોવાથી આજે તમારો આત્મવિશ્વાસ ઉચ્ચ રહેશે. તમે કોઈ મોટો અને સાચો નિર્ણય લઈ શકો છો. કાર્યક્ષેત્રમાં તમારી ટીમ સાથે સારો તાલમેલ જળવાઈ રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ થોડો વ્યસ્તતા વાળો રહી શકે છે. કાર્યક્ષેત્રે વધારાની જવાબદારીઓ આવી શકે છે. કોઈપણ અજાણ્યા વ્યક્તિ પર આંખ બંધ કરીને ભરોસો ન કરવો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારી સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે અને મિત્રો તથા પરિવાર સાથે સારો સમય પસાર થશે. જો કોઈ પ્રોપર્ટી કે વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તેમાં લાભ થઈ શકે છે.

**મકર(જ.ખ) :** કાર્યસ્થળ પર આજે તમારે ધીરજ અને સંયમથી કામ લેવું પડશે. વેપારમાં કોઈ નવી યોજના અમલમાં મૂકતા પહેલા વડીલો કે નિષ્ણાતોની સલાહ અવશ્ય લેવી.

**કુંભ(ગ.શ.સ.) :** વ્યવસાયમાં પડકારોનો સામનો કરવો પડી શકે છે, ખાસ કરીને વાટાઘાટો દરમિયાન ધીરજ રાખવી જરૂરી છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમારા અટકેલા સરકારી કે કાયદાકીય કામો પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે એકાગ્રતા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ — નં.૬૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૩૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં 'આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ' ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૧ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ચંદ્ર, અવકાશ વિજ્ઞાન તથા અંતરિક્ષ સંશોધન પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને રસ કેળવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષા સહાયક કૃણાલકુમાર આર. ચૌધરી દ્વારા આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસનું મહત્વ, તેની ઉજવણીનો હેતુ તથા ચંદ્ર સંશોધનનું વૈજ્ઞાનિક મહત્વ સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું.

તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ દર વર્ષે ૨૦ જુલાઈએ ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ડિસેમ્બર ૨૦૨૧માં આ દિવસને સત્તાવાર માન્યતા આપી હતી અને તેની પ્રથમ ઉજવણી ૨૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ કરવામાં આવી હતી. ૨૦ જુલાઈની તારીખનું વિશેષ મહત્વ એ છે કે ૨૦ જુલાઈ, ૧૯૬૯ના રોજ એપોલો-૧૧ મિશન દ્વારા માનવજાતે પ્રથમ વખત ચંદ્ર પર સફળતાપૂર્વક પગ મૂક્યો હતો. આ ઐતિહાસિક વૈજ્ઞાનિક સિદ્ધિના સ્મરણાર્થે દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને ચંદ્ર વિષયક માહિતીપ્રદ ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી, ત્યારબાદ જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ધ. રાઠોડ દ્વારા ભારતનું ચંદ્રિ મશન સ્વપ્નથી સિદ્ધિ સુધી વિષય પર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે ચંદ્ર, અંતરિક્ષ વિજ્ઞાન તથા ભારતના ચંદ્ર અભિયાનોને આધારિત ઓપન હાઉસ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વૈજ્ઞાનિક જાણકારીનું પ્રદર્શન કર્યું.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ ચંદ્રયાન-૩ મિશનના વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરના મોડેલનું નિરીક્ષણ કરીને તેની કાર્યપદ્ધતિ વિશે માહિતી મેળવી. ઉપરાંત, 3D પ્રિન્ટિંગ ટેક્નોલોજી દ્વારા ચંદ્રનું ૩ઝ મોડેલ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનું જીવંત પ્રાયોગિક નિદર્શન રજૂ કરવામાં આવ્યું,

કાર્યક્રમના અંતિમ તબક્કે શિક્ષા સહાયક કૃણાલકુમાર આર. ચૌધરી દ્વારા કેમિકલ રોકેટ તથા જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ધ. રાઠોડ દ્વારા વોટર રોકેટનું જીવંત પ્રયોગાત્મક નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એસ. એમ. એસ. એમ. હાઈસ્કૂલના આચાર્ય દીપકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષિકા સોનલબેન એફ. માલી સાથે કુલ ૬૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સક્રિય સહભાગિતા નોંધાવી. વિદ્યાર્થીઓએ ચંદ્ર, અવકાશ વિજ્ઞાન તથા ભારતના અવકાશ સંશોધન અંગે નવી અને ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને અવકાશ વિજ્ઞાન પ્રત્યે વધુ રસ વિકસાવવામાં સફળતા મળી.

# ઉમરગામમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત પરિવારોને સહાયની ચૂકવણી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૧ :** ઉમરગામ તાલુકામાં ભારે વરસાદને કારણે થયેલા મકાન તથા ઘરવખરીના નુકસાનના સર્વે બાદ અસરગ્રસ્ત પરિવારોને સરકારની નિયમિત જોગવાઈ મુજબ સહાય ચૂકવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તાલુકાના સરીગામ, સંજાણ, ભિલાડ, કરજગામ, પલગામ સહિતના વિવિધ ગામોમાં નુકસાનનું સર્વેક્ષણ પૂર્ણ કરીને લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર કુલ ૧૫૦ લાભાર્થીઓને ઘરવખરી સહાય તરીકે રૂા. ૧,૨૫,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે. ઉપરાંત બે સંપૂર્ણપણે નુકસાન પામેલા મકાનો માટે રૂા. ૩,૯૦,૦૦૦, એક ૭૦ ટકા નુકસાન પામેલા મકાન માટે રૂા. ૩,૦૦૦, તેમજ એક કેટલ શેડ માટે રૂા.૧૯,૫૦૦ની સહાય મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત ત્રણ પાકા અને બે કાચા મકાનોને થયેલા નુકસાન બદલ કુલ રૂા.૫,૫૦,૫૦૦ની સહાય પણ ચૂકવવામાં આવી છે.

પ્રશાસન દ્વારા જણાવાયું છે કે સર્વેમાં પાત્ર ઠરેલા તમામ અસરગ્રસ્તોને તબક્કાવાર સહાય ચૂકવવામાં આવી રહી છે, જેથી વરસાદી આપત્તિથી થયેલા નુકસાન બાદ પરિવારોને તાત્કાલિક રાહત મળી શકે.

**ચૂકવાયેલ સહાયના કેટલાક લાભાર્થીઓ**

- રાજેશ સતુ ગરૂડા (ઉમરગામ) - મકાન નુકસાન સહાય.
- મણીબેન રામુભાઈ ધોડી (ભિલાડ) - રૂા. ૧૮,૦૦૦.
- સાંબર સુમિતભાઈ હરજીભાઈ (સરીગામ) - મકાનનુકસાન સહાય.
- રમિલાબેન અરવિંદભાઈ ચાલકર (કરજગામ) - રૂા.૬,૫૦૦.
- સુધાબેન રાજેશભાઈ હળપતિ (સરીગામ) - રૂા.૧,૮૦,૦૦૦.
- હરીશ બચુભાઈ માછી (પલગામ) - રૂા.૬,૫૦૦.
- ગણેશ ભીમા વાઘાત (સંજાણ) - રૂા.૬,૫૦૦.
- ભીખીબેન જમનાદાસ કહાર (સરીગામ) - રૂા. ૩,૧૪,૫૦૦.

# પારનેરામાં વલસાડ જિલ્લા સંકલન સમિતિ દ્વારા શિક્ષણ સેવા સંગઠન પર્વની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લામાં સાર્વજનિક માધ્યમિક શાળા વલસાડ, પારનેરા માં ગુજરાત રાજ્ય સંકલન સમિતિ પ્રેરિત વલસાડ જિલ્લા સંકલન સમિતિ દ્વારા શિક્ષણ સેવા સંગઠન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પારનેરા સાર્વજનિક માધ્યમિક શાળા વલસાડમાં ગુજરાત રાજ્ય સંકલન સમિતિ પ્રેરિત વલસાડ જિલ્લા સંકલન સમિતિ દ્વારા શિક્ષણ સેવા સંગઠન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આમંત્રિત મહિમાન ઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી આચાર્ય જયશ્રીબેને સુંદર પ્રાર્થના પ્રસ્તુત કરી હતી. ત્યાર બાદ વલસાડ જિલ્લા આચાર્ય સંઘના સભ્ય સ્વર્ગસ્થ જતીનભાઈને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. વલસાડ જિલ્લા સંકલન સમિતિના પ્રમુખ દિનેશભાઈ પટેલે મહેમાનઓનું શાબ્દિક પ્રવચન કરી આવકાર્ય હતાં.

આ કાર્યક્રમમાં શિક્ષણ સાથે જોડાયેલ શાળા સંચાલક મંડળ, આચાર્ય સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ અને વહીવટી કર્મચારી સંઘ દ્વારા તમામ સંવર્ગોમા સેવા બજાવતા દરેકને એક સંકલન સમિતિ સાથે જોડવા માટેનો પ્રયત્ન સમગ્ર ગુજરાત રાજ્યમાં થઈ રહ્યો છે તો એ અનુસંધાને આજે ગુજરાત રાજ્ય સંચાલક મંડળના ઉપપ્રમુખ પ્રવીણભાઈ રાણા, આચાર્ય મહામંડળના મહામંત્રી ભરતભાઈ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ બાબુભાઈ પટેલ, રાજ્ય વહીવટી સંઘના પ્રતિનિધિ મિતેશભાઈ મોદી વગેરે ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય મહામંડળમાંથી ઉપસ્થિત રહેલા પ્રતિનિધિઓએ ખુબજ સરળ ભાષામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રોગ્રામમાં શાળા સંચાલક મંડળના પ્રમુખ કમલેશભાઈ દેસાઈ, આચાર્ય સંઘના પ્રમુખ દિનેશભાઈ, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ દીપકભાઈ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રમુખ નિનાદભાઈ, વહીવટી સંઘના પ્રમુખ સંજયભાઈ તેમજ જિલ્લાની વિવિધ શાળાના આચાર્યો, શિક્ષકો, વહીવટી કર્મચારી મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે મહેમાનશ્રીઓ, યજમાન શાળાના સંચાલક આચાર્ય તેમજ ઉપસ્થિત સૌનો આભાર નીનાદભાઈએ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મુકેશભાઈ પટેલે કર્યું હતું.

# ધરમુપરની આશ્રમશાળામાં સેવાકિય શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૨૧ :** ઉપવન સંસ્થા દ્વારા આદિવાસી વિસ્તાર ધરમપુર અને કપરાડ઼ા તાલુકાના સુદૂર આદિવાસી વિસ્તારોમાં રહેતા આદિવાસી મિત્રો માટે શૈક્ષણિક અને સામાજિક જાગૃતિ અભિયાન માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે, એજ શ્રૃંખલામાં સંસ્થા દ્વારા પીંડવલ ગામે સ્થિત ગૈર સરકારી આશ્રમશાલા માં અભ્યાસરત કક્ષા એકથી આઠમાં ધોરણ માં ભણતા ૧૭૨ જેવી મોટી સંખ્યા માં ભણતા છાત્ર/છાત્રઓં માટે



એમના શૈક્ષણિક રીતે સહાયતા નિશુલ્કઃ વિવિધ સામગ્રીયો નો વિતરણ કરવામાં આવ્યો.જેમાં દરેક છાત્રને નોટબુક્સ, ચોમાસાની સીજન પ્રમાણે દરેકને છત્રિયો, પહેરવેશ માટે સારી ક્વાલિટીના માપ પ્રમાણે સૈન્ડલ અને કુર્તાઓ આપવામાં આવેલી હતી. જે પૈકી સંસ્થા, દાનદાતાઓ જતિન ભાઈ પટેલ, શ્યામભાઈ બાહેતી કિશોર તોલાની, રાજેન્દ્ર મોહન જાયસ્વાલ અને સમ્પત ભાઈ શાહનો આભાર માન્યો હતો. એજ વિસ્તારનાં જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ રાઉતના, આચાર્ય રામદાસભાઈ ઠાકરે દરેક શિક્ષક મિત્રોના અને સંસ્થાના બધાજ સભ્યોના જેમના અભૂતપૂર્વ સહકાર અને પરિશ્રમ થકીજ ઉપરોક્ત કાર્યક્રમ સફળતાના સોપાને ચડ્યો.

# વાપીની કેબીએસ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** વાપીની કૌશિક હશિયા એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત કેશવજી સુમરિયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન છે, ત્યાં બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ચાર વર્ષના (ઇન્ટર્નશિપ સહિત) આ અભ્યાસક્રમમાં કુલ ૭૫ સેલ્ફ-ફાઈનાન્સ બેઠકો ઉપલબ્ધ છે. પ્રવેશ માટે ઉમેદવારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બી-ગ્રુપ સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જરૂરી છે. જ્યારે SC, ST અને SEBC વર્ગના વિદ્યાર્થીઓ માટે લઘુત્તમ લાયકાત ૪૫ ટકા ગુણ નક્કી કરવામાં આવી છે. સમગ્ર અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી રહેશે. કોલેજ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૯૯ અને ૯૮ વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ ઉપલબ્ધ રહેશે, જેથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં સહાય મળી રહે. વધુ માહિતી અને પ્રવેશ પ્રક્રિયા અંગે જાણકારી મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ તથા વાલીઓ કેશવજી સુમરિયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજની મુલાકાત લઈ શકે છે.

# વલસાડમાં સાયબર ક્રાઈમનો ભોગ બનનારને ગણતરીના દિવસોમાં જ રકમ પરત મળી

**વલસાડ સાયબર પોલીસે ક્રેડિટ કાર્ડ ફ્રોડનો ભોગ બનેલા નાગરિકને રૂા. ૭૮,૩૨૩ પરત અપાવ્યા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** બેંક કર્મચારીની ખોટી ઓળખ આપી ક્રેડિટ કાર્ડ મફતમાં રિપ્લેસ કરવાની લાલચ આપી સાયબર ફ્રોડનો ભોગ બનેલા વલસાડના અરજદારને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને રૂ. ૭૮,૩૨૩ની પૂરેપૂરી રકમ પરત અપાવી મોટી સફળતા મેળવી છે.

વલસાડ તાલુકાના ગુંદલાવ વિસ્તારમાં રહેતા સંતોષ કિશન ચૌહાણના મોટોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનારે બેંક કર્મચારી હોવાની ઓળખ આપી, તમારું SBI ક્રેડિટ કાર્ડ મફતમાં રિપ્લેસ થઈ જશે અને કોઈ ચાર્જ લાગશે નહીં તેવી લાલચ આપી હતી. આ જાળમાં ફસાઈને અરજદારે કાર્ડ બંધ કરાવી નવું મેળવવાની -નેસેસ કરી હતી.?આ -નેસેસના બહાને અજાણ્યા ઠગે અરજદારના ફોનમાં એક શંકાસ્પદ ખ્ભ્ક ફાઈલ (એપ) ઈન્સ્ટોલ કરાવી ફોનનો એક્સેસ મેળવી લીધો હતો. ત્યારબાદ ઠગે અરજદારના ઈન્ડસઈન્ડ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી Amazon અને Flipkart પર રૂ. ૭૮,૩૨ના ઓનલાઈન ઓર્ડર કરી ઠગાઈ આચરી હતી.


બનાવ અંગે અરજદારે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પીઆઈ એચ.જી. રબારી અને તેમની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. સાયબર ટીમે તાત્કાલિક ઈ-કોમર્સ વેબસાઈટ્સ (Amazon & Flipkart) સાથે સંકલન સાધી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન હોલ્ડ કરાવીને અરજદારની પૂરેપૂરી રકમ રૂા. ૭૮,૩૨૩ પરત અપાવી હતી.

# વાપીમાં ખેડૂતોએ રોપણી શરુ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધો હતો. પરંતુ છેલ્લા ત્રણ દિવસ થી અંદાજે ૬ઇંચ જેટલો વરસાદ નોંધાતા ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોમાં આશાનું વાતાવરણ સર્જાયું છે. અને રોપણીઓ શરૂ કરવામાં આવી છે જોકે, અત્યાર સુધી થયેલો વરસાદ પૂરતો ન હોવાથી હજુ પણ મોટા પ્રમાણમાં ખેડૂતો રોપણી કરી શક્યા નથી. ખેતરોમાં પૂરતું પાણી ન ભરાતા અનેક વિસ્તારોમાં ડાંગરની રોપણીની કામગીરી અધૂરી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે સતત અને સારો વરસાદ પડશે તો જ તમામ ખેતરોમાં રોપણી પૂર્ણ કરી શકાશે. ખેતી નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ડાંગરના પાક માટે શરૂઆતના તબક્કે પૂરતું વરસાદી પાણી અત્યંત જરૂરી હોય છે. હાલ સમગ્ર વાપી પંથકના ખેડૂતો મેઘરાજા પર નિર્ભર રહી સારા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હાલમાં જોઈએ તો કુલ સિઝનનો વરસાદ વાપી વિસ્તારમાં ૯૩૮ એમ એમ એટલે કે ૩૭.૫૨ ઈંચ જેટલો નોંધાયો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૬ ઈંચ થી વધુ વરસાદને લઈ ખેડૂતોએ ડાંગરની રોપણી પૂરજોશમાં શરૂ કરી છે.

# વાપીની સમપર્ણ સ્કુલમાં ફૂડ કીટ વિતરણ અને વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલના પરિસરમાં લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે લિઓ લાયન દીતી પટેલના જન્મદિવસ નિમિત્તે સેવા અને પર્યાવરણ સંરક્ષણને સમર્પિત ત્રણ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ રાષ્ટ્રગાન અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. લાયંસ ક્લબ ઓફ વાપી તરંગીનીના પ્રમુખ લાયન તનવી પટેલે સ્વાગત પ્રવચન દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, સભ્યો અને મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોને પુષ્પગુચ્છ અને શુભેચ્છા કાર્ડ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-F2ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હેમલ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. વિશિષ્ટ અતિથિ તરીકે સેકન્ડ વાયસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દર્શના તુરખિયા ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત રીજન ચેરપર્સન લાયન ચિરાગ પટેલ, પીવીએમસીસી તથા સમર્પણ જ્ઞાન સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હીના પટેલ, આચાર્યા લાયન પાર્વતી પિઠાણી સહિત લાયન્સ પરિવારના આગેવાનો, શિક્ષકગણ, મોટી સંખ્યામાં ખેડૂતો, વાલીગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન આસપાસના ગામોના ખેડૂતોને કુલ ૨૦૦ કેરીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ જરૂરિયાતમંદ ૧૨ પરિવારોને ફૂડ કિટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓના હસ્તે સમર્પણ જ્ઞાન સ્કૂલના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# દમણ વિપ્ર કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે રેખા ત્રિપાઠીની નિમણૂંક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** વિ-કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ માટે ગૌરવની ક્ષણરૂપે ભાજપા પ્રદેશ પ્રકોષ્ઠ મહામંત્રી (દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ) શ્રીમતી રેખા ત્રિપાઠીએ ટ્રસ્ટની સભ્યતા સ્વીકારી છે. સમાજ સેવા, સમર્પણ અને જનકલ્યાણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા તેમને દમણ અધ્યક્ષની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. દમણ ખાતે આયોજિત એક સન્માન સમારોહ દરમિયાન ટ્રસ્ટના સ્થાપક અને અધ્યક્ષ રાકેશ તિવારીએ રેખા ત્રિપાઠીને નિમણૂકપત્ર અર્પણ કરી નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના નેતૃત્વ હેઠળ ટ્રસ્ટની સમાજસેવાની પ્રવૃત્તિઓને નવી દિશા અને ગતિ મળશે.

આ પ્રસંગે દમણ-દીવ ભાજપા પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા, દમણ જિલ્લા અધ્યક્ષ ભરતભાઈ પટેલ, ભાજપા -દેશ સચિવ દ્વારિકાનાથ પાંડે, શહેર મંડળ ઉપાધ્યક્ષ અતુલકુમાર ત્રિપાઠી, કૃપાશંકર રાય, ટ્રસ્ટના સંરક્ષક મુન્ના તિવારી, રાષ્ટ્રીય સંરક્ષક રાકેશ ત્રિપાઠી, મહાસચિવ લિલાધર મિશ્રા, ઉપાધ્યક્ષ કૃષ્ણ મુરારી શુક્લ સહિત અનેક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# દમણ રોટરી કલબ દ્વારા વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** રોટરી ક્લબ ઓફ દમણ અને ફોર્ચ્યુન વર્લ્ડ હાઉસિંગ સોસાયટી મેનેજમેન્ટ કમિટીના સંયુક્ત આશ્રય હેઠળ રવિવારે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના ઉદ્દેશ્ય સાથે વૃક્ષારોપણ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૨૦ રોટેરિયનો અને તેમના પરિવારો, ૧૦ રોટેક્ટરો, સ્વયંસેવકો, સોસાયટીના રહેવાસીઓ અને બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફોર્ચ્યુન વર્લ્ડ સોસાયટીના સભ્ય હેમંત શાહના નેતૃત્વમાં રોટરી ક્લબ ઓફ દમણના પ્રમુખ રોટરીયન જયેશ જોશી, સેક્રેટરી રોટરીયન સત્યેન પરમ્પિલ, રોટરેક્ટના પ્રમુખ અને અન્ય સભ્યોના સ્વાગત સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. આ પ્રસંગે, રોટરી ક્લબ ઓફ દમણના પ્રમુખ જયેશ જોશીએ વધુ વૃક્ષો વાવવા અને તેમની નિયમિત સંભાળ રાખવાનું આહ્વાન કર્યું. આ ઝુંબેશ દરમિયાન, બાળકોએ સોસાયટીના પરિસરમાં વૃક્ષારોપણ કર્યું, જ્યારે રોટેરિયનો અને સોસાયટીના સભ્યોએ સોસાયટીની બહાર અને પરિસરની આસપાસ વૃક્ષારોપણ કર્યું. આશરે ૩૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ક્લબના ઉપપ્રમુખ અને પ્રોગ્રામ ચેરમેન રોટરીયન અંબરીશ ઈટવાલા, સર્વિસ ચેર રોટરીયન મનીષ કાપડિયા, સોસાયટીના સભ્ય હેમંત શાહ અને અન્ય સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

# સેલવાસમાં 'મેગા ચિત્ર સ્પર્ધા'માં ૨૭૨ બાળકોએ ભાગ લીધો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૨૧ :** જગન્નાથ રથયાત્રાના ઉપલક્ષમાં સિલ્વાસા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (SIMA) દ્વારા શ્રી જગન્નાથ મંદિર સેવા સમિતિના સહયોગથી રવિવારે સિલ્વાસાના બે અલગ-અલગ સ્થળોએ જય જગન્નાથ મેગા ડ્રોઈંગ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બંને સ્થળોએ મળી કુલ ૨૭૨ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રથમ સ્પર્ધા યાત્રી નિવાસ નજીક આવેલા ઓપન એર થિયેટર ખાતે યોજાઈ હતી, જેમાં કુલ ૨૦૨ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિવિધ વયજૂથના કુલ ૮ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતાઓને જત્ભ્ના આયોજન સચિવ તેમજ લ્ત્ભ્ના સભ્ય પરેશ ગજ્જર અને શ્રી જગન્નાથ સેવા સમિતિ તથા મંદિર ટ્રસ્ટના પદાધિકારીઓના હસ્તે ટ્રોફી અને વિશેષ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતાં.

બીજી સ્પર્ધા શ્રી જગન્નાથ મંદિર કલ્ચરલ ટ્રસ્ટ, રામદેવ બાબા મંદિર નજીક રિંગ રોડ, સિલ્વાસા ખાતે યોજાઈ હતી, જેમાં ૭૦ બાળકોએ ભાગ લીધો હતો.આ ડ્રોઈંગ સ્પર્ધા છેલ્લા ૧૦ વર્ષથી સતત દર વર્ષે યોજાઈ રહી છે. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે વિજય સર અને શીતલ મેડમે સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે SIMAની વહીવટી ટીમ તેમજ જગન્નાથ સાંસ્કૃતિક સ્વયંસેવકોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ સહભાગી બાળકો અને તેમના પરિવારજનો માટે પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# વાપીની જનસેવા હોસ્પિટલમાં સ્વૈચ્છીક રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** શ્રેયસ મેડીકેર સંચાલિત જનસેવા હોસ્પિટલ ખાતે શ્રી શ્યામ યુવા ચેરિટેબલ ટ્રસ્ટ અને જનસેવા હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્ઘાટન હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી સુરેખ દેસાઈ, ટ્રસ્ટી વિનયભાઈ દેસાઈ તથા ટ્રસ્ટના હોદ્દેદારોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટ્રસ્ટના લાખન સેન, રાધાકિશન સૈની, વિનોદ શર્મા, સુરેશ તિવારી, વિનીત ઓઝા, આનંદ અગ્રવાલ, દીપક બાહેતી, અરવિંદ અગ્રવાલ અને સુનીલ અગ્રવાલ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

મેનેજિંગ ટ્રસ્ટી સુરેખ દેસાઈએ હોસ્પિટલમાં કાર્યરત બ્લડ સ્ટોરેજ બેંકનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે સમયસર ઉપલબ્ધ રક્ત અનેક દર્દીઓ માટે જીવનદાતા બની શકે છે. તેમણે હોસ્પિટલમાં ઉપલબ્ધ વિવિધ આરોગ્ય સેવાઓની માહિતી આપી વધુમાં વધુ લોકોને સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવવા અપીલ કરી હતી. વલસાડ રક્તદાન કેન્દ્રના ડૉક્ટરે રક્તદાનની સલામત પ્રક્રિયા, તેના લાભો અને સમાજ માટેના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. હોસ્પિટલના ડૉ. હિમાંશુ પટેલ અને ડૉ. રાહુલ ગુપ્તાએ રક્તદાતાઓનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતાં.

# ધરમપુરમાં પ્રથમ વખત ભગવાન શ્રી જગન્નાથજીની શોભાયાત્રા નીકળશે


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૧ :** ધરમપુરની ધર્મપ્રેમી જનતા માટે અત્યંત હર્ષ અને આનંદના સમાચાર છે. ઈસ્કોન ધરમપુર દ્વારા પ્રથમ વખત ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા રવિવાર, તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી જગન્નાથજી, ભગવાન બળદેવજી અને માતા સુભદ્રાજીના દિવ્ય રથના દર્શનનો પાવન લાભ ભક્તોને મળશે. સમગ્ર યાત્રા દરમિયાન હરિનામ સંકીર્તન, ભજન-કીર્તન અને ભક્તિમય વાતાવરણ વચ્ચે શોભાયાત્રા ધરમપુરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. કાર્યક્રમ મુજબ બપોરે ૧:૦૦ વાગ્યે ૫૬ ભોગ ૩:૦૦ વાગ્યે ભગવાનનું આગમન ૪:૦૦ વાગ્યે શોભાયાત્રાનો પ્રારંભ અને ૬:૦૦ વાગ્યે શોભાયાત્રા પૂર્ણ થશે. શોભાયાત્રા દસોંદી ફળિયાથી પ્રારંભ થઈ રાધા કૃષ્ણ મંદિર, ટાવર મોટા બજાર, સમડી ચોક, પુરોહિત ફળિયા, પ્રભુ ફળિયા, જેલ રોડ અને ગાર્ડન રોડ થઈ ફરી દસોંદી ફળિયા ખાતે પરત ફરશે. ઈસ્કોન ધરમપુર દ્વારા સમગ્ર ધરમપુર તથા આસપાસના વિસ્તારોના ધર્મપ્રેમી ભક્તોને આ ઐતિહાસિક અને ભક્તિમય શોભાયાત્રામાં પરિવાર સાથે ઉપસ્થિત રહી ભગવાનના દિવ્ય દર્શન, આરતી તથા મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જુલાઈ માસની શરૂઆતના વરસાદે જે જળબંબાકાર સર્જ્યો તેણે રાજ્યના આયોજીત વિકાસનો ભાંડો ફોડી નાંખ્યો

**વાપીમાં શાસન નગર પંચાયતનું હોય કે નગરપાલિકાનું હોય અથવા તો મહાનગરપાલિકાનું હોય વરસાદી પાણીના ભરાવામાં કોઈ ફેર પડ્યો નથી : ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના વાપીને આદર્શનગર બનાવવાના સ્વપ્નને સિસ્ટમ અવરોધી રહેલ છે : વાપીની અરાજકતા પુનરાવર્તિત વિકાસ નકશાને ટલ્લે ચઢાવવાના કારણે : સાડા ત્રણ દાયકામાં બેફામ બાંધકામોએ વાપીને રહેવાલાયક ન રહેવા દીધું : ગુજરાતમાં ચાર વર્ષમાં ૧૦૬૩ વિદ્યાર્થીઓની આત્મહત્યા : ગુજરાતનું ગૌરવ એવાં સિંહોને લાપરવાહ શાસકોએ ગીરમાંથી તગેડી મુક્યા**

**દમણગંગાના તીરેથી**




- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯


જુલાઈ માસની શરૂઆતમાં ચાર દિવસ પડેલાં વરસાદે ગુજરાતના નાના મોટાં શહેરોમાં જે જળબંબાકાર સર્જ્યો તેણે શહેરોના આયોજીત વિકાસના દાવાનો ભાંડો ફોડી નાંખ્યો. આમાં ગામડાઓ પણ અપવાદ રહ્યાં નથી. શરૂઆતનો વરસાદ જ જનજીવન ખોરવી નાંખે. તેને આપણે ક્યાં પ્રકારનો વિકાસ કહીશું ?!

વાપીની જ વાત કરીએ તો, વાપીમાં નગર પંચાયતનું શાસન હતું અને તે પછી નગર પાલિકાનું અને છેલ્લે મહાનગર પાલિકાનું શાસન આવ્યું છતાં વાપીમાં વરસાદી પાણીના ભરાવા બાબતમાં કોઈ સુધારો થયો નથી. ઉલ્ટાની, સ્થિતિ વધુ ખરાબ થતી રહી છે.

ગુજરાતના નાણા અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈનું વાપીને એક આદર્શનગર અથવા કહો કે, સ્માર્ટ સીટી બનાવવાનું લાંબા સમયથી સ્વપ્ન છે. પરંતુ એમ જણાય છે કે, સિસ્ટમ (પ્રણાલિકા) વાપીના વિકાસમાં અવરોધ બની રહેલ છે. કનુભાઈ દેસાઈએ આ સિસ્ટમને ભેળવી પડશે.

વાપી મહાનગર પાલિકાની ચૂંટાયેલી બોડીમાં નાણાંત્રી કનુભાઈ દેસાઈએ ટોચના હોદ્દા ઉપર જે વ્યક્તિની પસંદગી કરેલી છે તે કાર્યદક્ષ છે જ. વાપી મનપાની સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન સતીષભાઈ પટેલ, મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ પણ વાપીના સાચા દિશાના વિકાસ બાબત દિલચસ્પી ધરાવે છે. મહાનગર પાલિકાની સમિતિના એક ચેરમેન પણ કાર્યદક્ષ છે અને તેઓ છે, જયેશભાઈ કંસારા. તેઓ બાંધકામ સમિતિના પ્રમુખ છે એટલે વાપીના હવે પછીના આયોજીત વિકાસ માટે તેઓ પાસે આશા રાખી શકાય.

બાકી, અત્યાર સુધી તો, વાપી પાલિકાનું શાસન એક જ બાબતમાં રસ ધરાવતું હોવાનું વાપીવાસીઓને જણાતું હતું અને તે છે, નગરમાં આડેધડ બાંધકામો. આવાં બાંધકામોને છુટો દોર એટલા માટે મળેલો કે વાપીનો વિકાસ નકશો પાંત્રીસ વર્ષ સુધી પાછો ઠેલાયો હતો. શહેરના વિકાસ માટે દર દસ વર્ષે પુનરાવર્તિત વિકાસ નકશો બનાવવો પડે. પરંતુ વાપીમાં સાડાત્રણ દાયકા સુધી વિકાસ નકશાને શિતગારમાં રાખી મુકવામાં આવેલો. પરિણામે ૧૯૮૫ના વિકાસ નકશા મુજબ જ ગાડું હાંકયે રાખવામાં આવેલું. વાપીના ઔદ્યોગિક અને વાણિજયના વિકાસના કારણે આવાસોની માગણી વધતી રહેલી અને નગર પાલિકાના શાસને દસ દસ માળના ટાવર્સની પરવાનગી ભારે ઉદારતાથી આપવા માંડેલી. ટાવર્સની પરવાનગી સંદર્ભમાં કેટલાંક નિયમો હોય છે પરંતુ આ નિયમોની અનદેખી કરાતાં, વાપીમાં વરસાદી પાણીના નિકાલની જગ્યાને પણ પાંખ આવી ગયેલી અને પાર્કીંગની પર્યાપ્ત જગ્યા બાબત પણ કોઈ ચકાસણી કરવામાં ન આવેલી જેના કારણે પાણીના ભરાવાની અને ટ્રાફિકની સમસ્યા વાપીને ઉધઈની જેમ કોરી ખાતી આવી છે. જો બાંધકામો બાબતમાં નગર પાલિકા સચેત રહી હોત તો વાપી અરાજક નગર ન બની રહ્યું હોત.

જો વાપી મહાનગર પાલિકાના શાસકોએ નાણામંત્રી કનુભાઈ દેસાઈના સ્વપ્નનું વાપી બનાવવું હોય તો વાપીની કાયાપલટ માટે મહાનગર પાલિકાએ તેજાબી પગલાં ભરવા પડશે.

## ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ૧,૦૬૩ વિદ્યાર્થીઓની આત્મહત્યા !!

નેશનલ ક્રાઈમ રેકર્ડસ બ્યુરોના એક હેવાલ પ્રમાણે, વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦-૨૪-૨૫ દરમ્યાન ગુજરાતમાં ૧,૦૬૩ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે. આ સંખ્યા અગાઉના વર્ષો કરતાં ઘણી વધી ગઈ છે જે ચિંતાનું કારણ બની રહેલ છે. એમ માનવામાં આવે છે કે, પરીક્ષા સંદર્ભનાં તણાવના કારણે વિદ્યાર્થીઓ આત્મહત્યાના માર્ગે જઈ રહ્યાં છે.

આત્મહત્યાના બનાવ બાબત રાજ્ય કોંગ્રેસના પ્રવક્તા મનિષ દોશી એમ માને છે કે, પરીક્ષાની અચોક્કસતા, શૈક્ષણિક, દબાણ, રોજગારીની અચોક્કસતા, પેપરલીકના વારંવારના બનાવોએ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ પર બુરી અસર કરેલી છે.

આંકડા ઉપર નજર કરીએ તો ૨૦૨૦-૨૧માં ૧૫૧ વિદ્યાર્થીઓએ ૨૦૨૧-૨૨માં ૧૬૧ વિદ્યાર્થીઓએ, ૨૦૨૩-૨૪માં ૧૮૩ વિદ્યાર્થીઓએ અને ૨૦૨૪-૨૫માં ૫૬૮ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૦૬૩ વિદ્યાર્થીઓએ મોતને વહાલું કરેલું છે.

## ગુજરાતનાં ગૌરવ જેવાં સિંહોના માનવી પરના હુમલાના મૂળમાં કોણ જશે ?

હમણા હમણા એકમાત્ર ગુજરાતમાં જ જેની વસતી છે એ, એસિયાટિક સિંહો માત્ર સાસણગીરમાં જ જોવા મળતાં હોય છે. અત્યાર સુધી સાસણગીરના આ સિંહો અને માનવીઓ વચ્ચેનું સહઅસ્તિત્વ વિશ્વભરમાં વખણાતું હતું. પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી સિંહોએ માનવી પર હુમલાઓ કરવા માંડ્યાના બનાવોથી વનવિભાગ પણ વિચારમાં પડી ગયું છે.

છેલ્લાં એક વર્ષમાં સિંહો દ્વારા માનવીઓ પર પચ્ચીસ ઉપરાંત હુમલાઓ કરવામાં આવ્યાં છે જે પૈકી કેટલાકને તો સિંહે ફાડી ખાધા પણ છે.

ગુજરાતમાં સિંહોની કુલ સંખ્યા ૮૯૧ની છે. સિંહોના નિવાસસ્થાન એવા ગીરમાં સિંહ અભયારણ્યમાં હોટલો અને રિસોટર્સની હારમાળા શરૂ થતાં સિંહોએ સાસણગીરથી સ્થળાંતર કરવા માંડેલું છે અને હવે તે ગુજરાતના ૧૧ જીલ્લાઓમાં ઘુસી રહ્યા છે. આ સ્થળાંતરને કારણે ૮૯૧માંથી ૫૦૭ સિંહોએ ગીર બહાર દરિયાકાંઠાના અને રેવન્યુ વિસ્તારોને પોતાના નિવાસસ્થાનો બનાવી દીધેલાં છે.

અમરેલી પંથકમાં છેલ્લાં બે મહિનામાં માનવીને ફાડી ખાવાની છ જેટલી ઘટના બની છે.

કમનસીબી એ છે કે સિંહો માનવીને ફાડી ખાય છે ત્યારે તેને આખી જીંદગી પ્રાણીબાગમાં કેદ રાખવામાં આવે છે. ખરેખર તો સિંહો માનવ વસાહતમાં જઈ શકે પરંતુ માનવીઓએ સિંહોની વસાહતમાં ન જવું જોઈએ. સામાન્યતઃ એસિયાટિક સિંહો માનવાને શિકાર બનાવતાં નથી. મોટાં ભાગના હુમલા આત્મરક્ષણ, સિંહબાળની સુરક્ષા કે ઉશ્કેરણીના કારણે થતાં હોય છે.

વન્યપ્રાણીઓના માનવીઓ પર હુમલા માટે એક કારણ એ પણ છે કે જંગલ વિસ્તારમાં માનવીય અતિક્રમણ ખૂબ વધી ગયું છે. જેના કારણે વન્યજીવો જંગલની બહારના વિસ્તારમાં ઘુમતાં થઈ ગયાં છે. સિંહના અભયારણ્ય અને લાગુ વિસ્તારમાં હોટલ-રિસોર્ટથી માંડી ફેક્ટરીઓ પણ ધમધમતી થતાં સિંહોએ સામુહિક સ્થળાંતર કરવું પડ્યું છે. આ હોટલ - રિસોર્ટ અંગે એમ પણ કહેવાય છે કે મોટાં ભાગની હોટલો અને રિસોર્ટ વગર પરવાનગીએ જ તાણી બાંધવામાં આવેલી છે !

સિંહોના નિવાસસ્થાનમાં ઘુસણખોરી કરનાર માનવીને કોઈ સજા થતી નથી. પણ સિંહ જો માનવીને મારી નાંખે તો તેને આજીવન કારાવાસ કરાય છે ! વનવિભાગે આવાં ૧૩ સિંહોને આજીવન કેદ ફરમાવી છે !


વિચાર કરો, પ્રવાસન વિકાસના નામે સિંહોના નિવાસસ્થાનના સ્થળે રિસોટર્સ અને હોટલો તાણી બાંધવાની અવળચંડાઈ રોકવાનો સરકાર દ્વારા પ્રયાસ થતો ન હોઈ પાંચસો ઉપરાંત સિંહોએ ગીર છોડી અન્યત્ર જવું પડ્યું છે.

બીજી એવી વાત પણ આવી છે કે, ગીરમાં સિંહોના અસ્તિત્વ ઉપર તોળાઈ રહેલાં જોખમના મુદ્દે જુનાગઢની ભવનાથ તળેટીમાં તાજેતરમાં એક સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં જણાવાયું હતું કે, છેલ્લાં ૧૫થી ૨૦ વર્ષમાં બીજા રાજયોની સરખામણીમાં ગુજરાતમાં જંગલ વિસ્તારમાં જરાય વધારો થયેલો નથી. બીજી બાજુ વન્યપ્રાણીઓના ભોગે જંગલની જમીનો અન્ય હેતુમાં પરિવર્તિત કરવા ૧૫૬૦ જેટલી દરખાસ્ત કરવામાં આવેલી છે. આ આંકડો આકા દેશમાં વધુમાં વધુ છે ! સમગ્ર ભારતમાં થતી કુલ દરખાસ્તોમાં ૧૫ ટકા દરખાસ્તો એકલાં ગુજરાતમાંથી જ થઈ છે. આ સંમેલનમાં એમ પણ જણાવાયું હતું કે, સરકાર માત્ર સિંહોની વસતીના વધારાની વાતો કરી છાતી ફુલાવે છે. પરંતુ સિંહો મુક્ત વિહાર કરી શકે એવો જંગલ વિસ્તાર વધારવાની સરકારની દાનત જ નથી !

આ સંમેલનમાં મુખ્ય ત્રણ માંગણીઓ થઈ હતી. (૧) જંગલની જમીનો ખાનગી કંપનીઓને માઈનિંગ માટે આપવાનું તત્કાળ બંધ કરવું જોઈએ. (૨) અમુક માલધારીઓને નિયમોને કોરાણે મુકી માલધારી તરીકે અપાયેલ મંજુરી બાબત તટસ્થ તપાસ કરવી જોઈએ. (૩) ગીરના જંગલની સીમા ઉપર ફુટી નીકળેલાં ગેરકાયદે રિસોર્ટો પર તત્કાળ રોક લગાવવામાં આવે અને તોડી પાડવામાં આવે. જો આ માંગણી નહી સ્વીકારાય તો ઉગ્ર જન આંદોલન કરવાની પણ સંમેલનમાં ચિમકી અપાઈ હતી.

# સૌથી મોટો ત્યાગ, પ્રાણ ત્યાગ છે

**વાસ્તવિકતા**




સ્વામી સચ્ચિદાનંદ


(ગતાંકથી શરુ)

સૌથી મોટો ત્યાગ, પ્રાણત્યાગ છે. રાષ્ટ્રરક્ષા માટે, ધર્મરક્ષા માટે, અબળાની આબરૂ બચાવવા માટે, ડૂબતાને બચાવવા માટે કે પછી આતતાવી-ગુંડાઓના ત્રાસથી પ્રજાને બચાવવા માટે જે પ્રાણોની આહુતિ આપે છે તે સર્વોચ્ચ ત્યાગી છે. વીર ભગતસિંહ જેવા શહીદો, યુદ્ધના મોરચે લડતા જવાનો, ગામના ધિંગાણે લડતા બહાદુરો—જેમના પાળિયા થયા છે—વગેરે સર્વોચ્ચ ત્યાગી છે. તેમને વંદન બીજા બધા તેમનાથી ઊતરતા છે.

લગભગ બધા ધર્મગ્રંથોમાં રાગ-દ્વેષને છોડવાનો ઉપદેશ દીધો છે. તેમણે જે સંદર્ભમાં આ ઉપદેશ દીધો હશે તે કદાચ ઠીક હશે. પણ મારી દૃષ્ટિએ બધા પ્રકારના રાગ અને બધા પ્રકારના દ્વેષ છોડી શકાય નહિ. જીવન માટે કેટલાક રાગ-દ્વેષ જરૂરી છે. જરા સમજીએ.

ધર્મ, રાષ્ટ્ર, ગુરુજન, ઈશ્વર, સત્કર્મો અને માતૃભૂમિ વગેરે પ્રત્યે રાગ જરૂરી છે. જો આવા રાગનો પણ ત્યાગ કરાય તો વ્યક્તિ નગુણો બને આવી જ રીતે અધર્મ, રાષ્ટ્રદ્રોહી ગદારો, કુમાર્ગે દોરનારા, કુકર્મો વગેરે પ્રત્યે દ્વેષ પણ જરૂરી છે. આવા દ્વેષથી આવા દોષોથી બચી શકાય છે. ખાસ કરીને બચપણમાં કરાવેલો આવો દ્વેષ, સંસ્કારરૂપમાં દઢ થઈને પછી જીવનભર અનર્થોથી રક્ષણ કરે છે.

બીજી રચનાની માફક રાગ-દ્વેષ પણ ઈશ્વરીય રચના છે. તે નકામા ન હોય. તેનો ઉપયોગ ખરો-ખોટો હોઈ શકે. તે તો બધાને માટે છે. એટલે રાગ-દ્વેષને મૂળમાંથી સદંતર કાઢવાના પ્રયત્નો ન કરવા. એ શક્ય નથી. પણ તેમની માત્રા અને સ્થાનને યથાયોગ્ય નક્કી કરવું. વિવેકપૂર્વક તેમનો સ્વીકાર અને ઉપયોગ કરવો.

રાગ-દ્વેષત્યાગનો ઉપદેશ આપનારા લોકો પણ, ભક્તો પોતાના પ્રત્યે રાગ રાખે તેવું ઈચ્છતા હોય છે. આ જરૂરી પણ છે. જો રાગ ન હોય તો બેરુખી-ઉપેક્ષા આવી જાય. આવો રાગ કલ્યાણકારી બને છે.


પતિ-પત્નીના સંબંધમાં પણ પરસ્પરમાં રાગ હોય તો જ સંસાર મધુર બને. જો રાગ હોય જ નહિ તો જીવન નીરસ થઈ જાય. પત્નીને પતિનો અને પતિને પત્નીનો તીવ્ર ઈન્તજાર હોય તો જ મિલનમાં મધુરતા આવે. આ તીવ્રતા રાગ વિના શક્ય ન બને એટલે રાગ જરૂરી છે. રાગ-દ્વેષ, પ્રેમ વગેરે મોહમાંથી જન્મે છે. જીવન માટે મોહ પણ જરૂરી છે. હા, તેનાં કલ્યાણ-અકલ્યાણકારી રૂપ હોઈ શકે છે. જેમ કે પશુ-પક્ષીઓ વગેરે પ્રાણીમાત્રને પોતાનાં બચ્ચાં માટે મોહ હોય છે. તીવ્ર મોહના કારણે કૂતરી-વાંદરી વગેરે બચ્ચાંનું રક્ષણ કરી ઉછેરીને મોટાં કરે છે. તરતના જન્મેલા બચ્ચાને છોડીને તે જતાં નથી રહેતાં. પોતાના બચ્ચા માટે કેટલાંક પ્રાણની બાજી પણ લગાવી દે છે. જો આ મોહ ન હોત તો આવું ન કરત. આ મોહ કલ્યાણકારી છે. પણ મરી ગયેલા બચ્ચાને પણ વાંદરી છાતીએ ચોંટાડીને રાખે અને મૂકે નહિ તો તે અકલ્યાણકારી બની જાય. આવી પરિસ્થિતિમાં તે નિર્મોહી થઈ જાય તે જ કલ્યાણકારી થઈ જાય. પણ બાળક જીવતું હોય અને નિર્મોહી થઈ જાય છે તો તે કદી પણ કલ્યાણકારી ન કહેવાય. રાગ જ રિફાઇન થઈને પ્રેમ થતો હોય છે. જે રાગમાંથી સ્વાર્થ, અપેક્ષાઓ વગેરે સમાપ્ત થઈ જાય અને માત્ર સમર્પણ જ રહે તે રાગને પ્રેમ કહેવાય છે. કદાચ રાગ રિફાઈન થઈને પ્રેમની કક્ષાએ ન પહોંચે તોપણ લોકકલ્યાણ માટે રાગ જરૂરી હોય છે. એકબીજાના સ્વાર્થ માટે પણ પરસ્પરમાં સ્નિગ્ધ-ચીકણો સંબંધ રાખે તોપણ તે જરૂરી છે, સુખદાવી છે. બેરુખી કરતાં આવો રાગ પણ જીવન આપે છે. અધર્મ, નાસ્તિકતા, કુકર્મો, વ્યસનો રાષ્ટ્રદ્રોહ વગેરે પ્રત્યે દ્વેષ રખાય તો તેથી વ્યક્તિ આ અનિષ્ટોથી બચી શકે છે. જો બચપણથી જ બાળકને માંસાહાર પ્રત્યે ઘૃણા-દ્વેષ કરાવ્યાં હશે તો તે તેનાથી બચી જશે. ગીતામાં સ્થિતપ્રજ્ઞ શબ્દ વપરાયો છે. જેનો અર્થ થાય છે કે રાગ-દ્વેષ, જય-પરાજય, હાનિ—લાભ વગેરેમાં જેની બુદ્ધિ સ્થિર થઈ હોય અર્થાત્ જે યથાયોગ્ય સંતુલન રાખી શકતો હોય. સંતુલનનો અર્થ છે રાગ-દ્વેષાદિના વેગમાં કે પ્રવાહમાં તણાઈ ન જવું તે પ્રવાહમાં જ જીવવાનું છે. બધા પ્રવાહમાં જ જીવે છે. જે પ્રવાહમાં તણાય છે તે પામર છે. પણ જે સંતુલન રાખીને તણાતા નથી પણ તરે છે, તે મહાપુરુષ છે. તરવું એ જ સાધના છે. સંપૂર્ણ પ્રવાહનો જ ત્યાગ શક્ય જ નથી. પ્રવાહમાં બધા જીવે છે. હા, જે સ્થિતપ્રજ્ઞ છે તે તરે છે. બીજા ડૂબે છે. સ્થિતપ્રજ્ઞતા અને વીતરાગતા એકસરખાં નથી. એકમાં સંતુલન કરવાનું છે. બીજામાં સંપૂર્ણ ત્યાગ કરવાનો છે, જે શક્ય નથી, જરૂરી પણ નથી. ૧૫. જે શક્ય હોય તેની જ સાધના હોય, જે શક્ય જ ન હોય તેની સાધના ન હોય. કદાચ કરે તો તેમાં નિષ્ફળતા જ મળે ભગવાન ભક્તો પ્રત્યે મીઠી નજર રાખે છે અને અસુરોનો સંહાર કરે છે. બંન્નેને સરખા નથી માનતા ભક્તો પ્રત્યે અનુરાગ નથી રાખતા અને દુષ્ટો પ્રત્યે કડક નથી થતા તેવા ભગવાન તો મહેતો મારેય નહિ કે ભણાવેય નહિ જેવા નિષ્ક્રિય અને નિરુપયોગી છે. ઈશ્વર સર્વસમર્થ છે. તેના સામર્થ્યનો લાભ ભક્તોને મળતો જ હોય છે. એટલે તો ભક્તો તેને શરણે જાય છે. સામર્થ્ય વિનાના ભગવાનને શરણે જવાનો અર્થ જળ વિનાના તળાવમાં પાણી પીવા જેવો છે.

હિન્દુ પ્રજા વાડાપ્રેમી થઈ ગઈ છે તેથી ધર્મ છૂટી ગયો છે. વાડાઓ બાદબાકી કરાવે છે. બાદબાકીવાળી પ્રજા બાદ થઈ જતી હોય છે. હિન્દુ પ્રજા વ્યક્તિપૂજાના રવાડે ચઢી ગઈ છે. જીવતા કે મરેલા પામર માણસોને ભગવાન તરીકે પૂજવા લાગી છે. તેથી તેના હાથમાંથી ખરો ઈશ્વર છૂટી ગયો છે. ખરો ધર્મ અને ખરો ઈશ્વર છૂટી જાય તો શું થાય? વિજય તો ન જ થાય. કર્મવાદનો અર્થ થાય છે. જે કર્મો કરો છો તેનાં ફળ જરૂર ભોગવવાં પડે છે. ભોગવ્યા વિના છૂટકો જ નથી. આપણે સુખી-દુઃખી થઈએ છીએ તેમાં માત્ર પૂર્વજન્મનાં કર્મો જ કારણ નથી. આપણા સુખી-દુઃખી થવામાં મહત્ત્વનાં પાંચ કારણો છે. ૧. ધર્મવ્યવસ્થા, ૨. સમાજવ્યવસ્થા, ૩. રાજ-વ્યવસ્થા, ૪. પરિવારનો યોગ અને ૫. પોતાની યોગ્યતા. ધર્મવ્યવસ્થા સનાતન નથી હોતી. દેશકાળ પરિસ્થિતિ પ્રમાણે તે બદલાતી હોય છે. ઘણી વાર સ્વાર્થી લોકો તેનો દુરુપયોગ કરે છે. જેમ કે જાતિ માત્રથી અસ્પૃશ્યતા, જન્મમાત્રથી ઊંચ-નીચના ભેદ, અમુક લોકોને ભણવાનો નિષેધ, અમુક લોકોને અમુક કર્મો કરવાનો નિષેધ વગેરે. આવી અવ્યવસ્થાથી હજારો લોકો પારાવાર દુઃખી થતાં હોય છે. આ દુઃખ પૂર્વનાં કર્મોના કારણે નહિ પણ ધાર્મિક અવ્યવસ્થાથી થયાં કહેવાય. એટલે ધર્મસુધારકો આવીને ધર્મમાં જે ખોટી વ્યવસ્થા થઈ હોય તેને સુધારતા હોય છે. **(વધુ આવતા અંકે)**

# ૧૧૩ વર્ષની ઐતિહાસિક બીલીમોરા- વઘઈ હેરિટેજ ટ્રેન ફરી પ્રકૃતિપ્રેમીઓની પહેલી પસંદ બની






(મનોજ ખેંગાર દ્વારા)


હરીભરી વનરાજીઓ વચ્ચેથી પસાર થતી ઐતિહાસિક છુક છુક ગાડીની સફર સાથે, પ્રકૃતિમય થવાનો અવસર -દાન કરતી ૧૧૩ વર્ષ જૂની નેરોગેજ ટ્રેનને તેની ગરિમા પ્રદાન કરતી દાસ્તાન ડાંગ અને વાંસદાના વનપ્રદેશની પૃષ્ઠભૂમી ઉપર આલેખાઈ રહી છે.

હા, તમે સાચુ જ સમજ્યા. અહીં વાત થઈ રહી છે બીલીમોરા-વઘઇ ટ્રેનની, કે જે તા.૪થી સપ્ટેમ્બર ૨૦૨૧થી નવા વાઘા સાથે ફરી એક વાર પ્રજાજનોની સેવામા હાજરાહજૂર થઈ નિયમિત રીતે તેના નિયત રૂટ ઉપર દોડી રહી છે.

પ્રવાસીઓની માનિતી અને ચહિતી આ ટ્રેન આઝાદી પહેલાના સમયે એટલે કે સને ૧૯૧૩મા તત્કાલીન બ્રિટિશ રાજ વેળા બરોડાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ દ્વારા શરૂ કરવામા આવી હતી. મૂળ ડાંગના ઈમારતી લાકડાના વાહતુક હેતુ શરૂ કરાયેલી આ ટ્રેને અનેક ચડાવ ઉતાર જોયા છે. શરૂઆતમા સ્ટીમ એન્જીન સાથે શરૂ થયેલી આ ટ્રેનને ચોવીસ વર્ષે એટલે કે છેક ૧૯૩૭ મા ડીઝલ એન્જીન સાથે જોડવામા આવી હતી. આ ટ્રેનનુ સ્ટીમ એન્જીન અત્યારે ચર્ચગેટ રેલવે સ્ટેશનની બહાર મુકવામા આવ્યુ છે.

સને ૧૯૭૧મા રૂપેરી પરદે તત્કાલીન જ્યૂબિલી સ્ટાર રાજેન્દ્રકુમારની ફિલ્મ આપ આયે બહાર આઈમા આ ટ્રેન, વઘઇનુ રેલવે સ્ટેશન, કિલાદ, અને વઘઇ નગર, સો મિલ અને ટીમ્બર ડેપોના દ્રશ્યો કચકડે પણ કંડારાયા છે.

દરિયાઈ સપાટીથી માત્ર ૧૧ મીટરની ઊંચાઈએ આવેલા બીલીમોરા જંકશન રેલવે સ્ટેશનથી ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર એવા, અને સી લેવલથી ૧૨૨.૧૧ મીટરની ઊંચાઈએ આવેલા વઘઇ રેલવે સ્ટેશનને જોડતી આ ઐતિહાસિક નેરોગેજ ટ્રેન, ૬૩ કિલોમોટરનુ અંતર ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે અંદાજીત ત્રણ કલાકે પૂર્ણ કરે છે.

ટ્રેન નંબર ૦૯૫૦૧ ડાઉન, અને ૦૯૫૦૨ અપ તેના આ ૬૩ કિલોમીટરના માર્ગમા બીલીમોરા જંકશનથી નીકળી ગણદેવી, ચીખલી રોડ, રાનકુવા, ધોળીકુવા, અનાવલ, ઉનાઈ/વાંસદા રોડ, કેવડી રોડ, કાળાઆંબા, અને વાંસદા નેશનલ પાર્કમા સમાવિષ્ટ ડુંગરડા થઈ વઘઇ રેલવે સ્ટેશને પહોંચે છે. દક્ષિણ ગુજરાતની લોકમાતા અને સાપુતારાની ગિરિકન્દ્રાઓમાંથી નીકળતી અંબિકા નદીના સદી જુના પુલ ઉપરથી, ડુંગરડા નજીકથી પસાર થતી આ ટ્રેન પ્રવાસીઓના શરીરમા આછી ધ્રુજારી પણ ઉત્પન કરે છે.





હેરિટેજ ટ્રેનનો દરજ્જો પ્રાપ્ત કરનારી આ ટ્રેન ડાંગ, વાંસદા સહિતના વિસ્તારોને બીલીમોરા સાથે જોડીને, તેમને મુંબઇ કે અમદાવાદ, દિલ્હી તરફ જવા માટેની તક પુરી પાડે છે. તો સાથે શહેરીજનો અને પ્રકૃતિ પ્રેમીઓને હરીભરી પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો અનમોલ અવસર પણ પ્રદાન કરે છે. હરિયાળા ઝાડી ઝાંખરા વચ્ચેથી પસાર થતી આ છુક છુક ગાડી નાનાથી લઈ મોટેરાઓને પણ મસ્તી કરવાનો અવસર પૂરો પાડે છે.

ડાંગના આંગણે દસ્તક દેતી આ ટ્રેન અહીંના લોકોની જીવાદોરી હોવા સાથે પ્રકૃતિપ્રેમી પર્યટકો માટે પણ ખૂબ મહત્વ ધરાવે છે. અનેક ચડતી પડતી જોઈ ચુકેલી આ ટ્રેન કોરોના કાળ મા બંધ થતા સ્થાનિકોમા ખૂબ જ દુઃખની લાગણી પ્રવર્તી ગઈ હતી. જેને સ્થાનિક જન પ્રતિનિધિના હકારાત્મક અભિગમ બાદ ફરીથી પાટે ચડાવાતા જ ફરી એકવાર આ વનપ્રદેશમા આ ટ્રેનની વ્હીસલ ગુંજી ઉઠી હતી.

નવા રૂપરંગ અને આકર્ષણ સાથે શરૂ થયેલી આ ટ્રેનમા રેલવે દ્વારા પ્રકૃતિપ્રેમી પર્યટકો માટે એક એ.સી.કોચ પણ જોડાયો છે. પેલેસ ઓન વ્હિલની યાદ અપાવતા, અને ત્રણ તરફ કાચની મસમોટી બારીઓમાંથી કુદરતના અણમોલ નજારાને માણવાનો સ્વર્ણવસર પ્રદાન કરતી આ ટ્રેન, તેના હેરિટેજના દરજ્જાને છાજે તે રીતે પર્યટકોને આનંદ અને રોમાંચ પૂરો પાડે છે.

સહ્યાદ્રીની ગોદમા વસેલા ડાંગ જિલ્લા સહિત ગુજરાત કી આંખોકા તારા સાપુતારા તરફ મુંબઈ અને છેક કચ્છથી પણ પ્રવાસીઓ સરળતાથી આવાગમન કરી શકે તે માટે બીલીમોરા જંકશનથી ડાંગના ઉંબરે પહોંચાડતી આ ટ્રેનને વધુ લોકભોગ્ય બનાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ લક્ષ કેન્દ્રિત કરાયુ છે.

પ્રારંભિક તબક્કે એ.સી.કોચના પર્યટકો માટે IRCTC દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે, સાદા કોચ માટે પારંપરિક રીતે એટલે કે ટ્રેનની અંદર જ મુસાફરોને એસ.ટી.બસ ની માફક ટિકિટ આપવામા આવે છે.

વર્ષાઋતુમા જ્યારે ડાંગ વાંસદાની વનરાજી સોળે કળાએ ખીલી ઉઠી છે ત્યારે, શહેરીજનોને ઘડી બે ઘડી પ્રકૃતિના સાન્નિધ્યે હરવાફરવા સાથે, શુદ્ધ તાજી હવા અને ઓક્સિજન લેવા માટે આ ગાડી બુલા રહી હે.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 22, July 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## પારડી ચાર રસ્તા ફ્લાયઓવરબ્રિજની પાઈપલાઈનો લાંબા સમયથી જર્જરીત

### વરસાદી પાણીના નિકાલ માટે લગાવાયેલી લાઈનોમાંથી પાણી લીકેજ થતાં વાહન ચાલકો પરેશાન







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** પારડી ચાર રસ્તા રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ફલાઈવર બ્રિજ નીચે લાંબા સમયથી વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલ પાઈપ લાઈન તૂટી જતા બ્રિજના નીચેથી પસાર થતાં સ્થાનિક વાહન ચાલકો અને નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે હાઈવે ઓથોરિટી દ્વારા તૂટી ગયેલા પાઈપ નવા નાખી તાત્કાલિક લોકોની મુશ્કેલી દૂર કરવામાં આવે એ ખૂબ જ જરૂરી બની ગયું છે પારડી ચાર રસ્તા લાઈવ ઓવર બ્રિજ નીચે થી દરરોજ વિશાળ સંખ્યામાં સ્થાનિક રહીશો પસાર થતા હોય છે કારણ કે બજારમાં કોઈ પણ ચીજ વસ્તુ લેવા માટે આ જ એક માર્ગ છે જ્યાંથી પસાર થઈને જવું પડે છે લાંબા સમયથી બ્રિજના નીચે વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલ પીવીસી પાઈપ લાઈન તૂટી ગઈ છે જેના કારણે હાલમાં પડી રહેલ વરસાદનો પાણી લીકેજ થઈ રહ્યો છે પાણી લીકેજ થતા બ્રિજના નીચેથી પ્રસાર થતા વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે વરસાદી પાણી બ્રીજના ઉપરથી સીધું સીધું નીચે પડી રહ્યું છે. જેના લીધે બ્રિજના નીચેથી પ્રસાર થતાં લોકોને વરસાદી પાણી ઉપર પડતા હેરાન પરેશાન થઈ રહ્યા છે હાઈવે ઓથોરિટી દ્વારા હાલમાં પડી રહેલ વરસાદને ધ્યાનમાં રાખીને તાત્કાલિક પાઈપલાઈન રીપેર કરવામાં આવે એ જનતાના ખૂબ જ જરૂરી બની ગયું છે.




પારડી સહિત પારડી તાલુકાના ગામડાઓમાં છેલ્લા એક અઠવાડિયા થી પડી રહેલ ભયંકર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયો છે અને લોકો ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતા મુશ્કેલીમાં મુકાયા છે છેલ્લા એક અઠવાડિયાથી અને ખાસ કરીને બે દિવસથી પડી રહેલ ભારે વરસાદના કારણે પારડી સહિત ગામડાઓમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા છે. વરસાદી પાણી જાહેર માર્ગોમાં ભરાઈ જતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કેટલાક વાહનો પાણી ભરાવાના કારણે બગડી જતા લોકો હેરાન થઈને શાન થયા હતા સતત પડી રહેલા વરસાદના લીધે લોકોના કામો પણ ખોલંબે પડી ગયા છે લોકો ઘરમાંથી બહાર ઈમર્જન્સી હોય તો જ નીકળી રહ્યા છે સિઝનના વરસાદમાં બીજા તબક્કામાં સતત પારડી તાલુકામાં નદી નાળા ઉભરાઈ ગયા છે.

પારડી ચાર રસ્તા ફલાઈવર બ્રિજની છે ભારે વરસાદના કારણે રસ્તો ખરાબ થઈ ગયો છે જે રસ્તાનું સમારકામ વહીવટી તંત્ર દ્વારા પારડી ચાર રસ્તા ફલાયઓવર બ્રિજના માર્ગનું તાત્કાલિક સમારકામ કરાવી વાહનચાલકોને રાહત મળે તે માટે વહેલી તકે જરૂરી કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

## પારડી પાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ઘરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** પારડી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશનની ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખીને પારડી વિસ્તારમાં નેશનલ હાઈવેની બંને બાજુઓ તેમજ વિવિધ રહેણાંક વિસ્તારોમાં સઘન સાફ-સફાઈ અને કચરાના નિકાલ માટેની ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી વલસાડ જિલ્લા કલેક્ટરે આપેલા ખાસ નિર્દેશો અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મળેલી સૂચનાઓનું પાલન સાથે પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન ધાનૈયાના માર્ગદર્શન હેઠળ વિશેષ ટીમ મેદાનમાં ઉતરી હતી. જેમાં સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર, સીટી મેનેજર ભૂમિ પટેલ, પંકજ ગરણીયાની ટીમે વિવિધ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી છે. નગરપાલિકાની ટીમે આજે ફાઉન્ટન હોટલ સામે સર્વિસ રોડ, ફિલ્ટર પ્લાન્ટ ની બાજુ નો વિસ્તાર, મોરારજી દેસાઈ હોલ, સદગુરુ સોસાયટી, પ્રજાપતિ હોલ પાસે, પારડી તળાવની પાળ અને સર્વિસ રોડ પર સફાઈ કરવામાં આવી હતી ચીફ ઓફિસર કોમલબેન ધાનૈયા એ જણાવ્યું કે કલેક્ટર નીતિન સાંગવાન દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આપેલ સૂચનાઓને ધ્યાને રાખીને સૌ પ્રથમ નેશનલ હાઈવેની બંને બાજુએ સફાઈનું આયોજન કર્યું છે. આ એક માસ સફાઈ અભિયાન છે જેમાં જેસીબી, ટ્રેક્ટર સાથે પાલિકા ટીમ સક્રિય છે. કચરો સાફ કરવા ઉપરાંત લટકતા વાયરો અને જૂના બેનરો હટાવીને શહેરને દ્રશ્યમાન રીતે સ્વચ્છ બનાવવાની કામગીરી ચાલુ છે.

કલેક્ટર પણ આ કામગીરીનું સતત મોનિટરિંગ કરી રહ્યા છે, અને પ્રાંત તથા મામલતદાર અને જિલ્લા વહીવટી તંત્રનો સહયોગ મળી રહ્યો છે. આ સ્વચ્છતા અભિયાનથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ જાહેર સ્થળો પર કચરો ન ફેંકીને આ સફાઈ અભિયાન માં પોતાનું યોગદાન આપે એવી અપીલ કરવામાં આવી છે.

## પારડી મેડિકલ હોમમાં 'ઓન હેન્ડ સીઆરપી ટ્રેઈનિંગ' કેમ્પ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મેડિકલ હોમ ખાતે ઈન્ડિયન એસોસિએશન ઓફ પેડિયાટ્રિક્સ, મુંબઈ ચેપટર અને મેહતા હોસ્પિટલ,કિલ્લા પારડી ના સંયુક્ત ઉપક્રમે ઓન હેન્ડ CPR ટ્રેઈનિંગ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ અચાનક કોઈ વ્યક્તિ ને કાર્ડિયાક એરેસ્ટ એટલેકે હૃદય બંધથવાની ઘટના બને તો તાત્કાલિક CPR આપવાથી એનો જીવ બચવાની શક્યતા વધી જતી હોય છે.૯૦ થી વધુ યુવાનોએ ટ્રેઈનિંગ કેમ્પ મા ભાગ લીધો.પારડી પોલીસ સ્ટેશન ના પીએસ આઈ રાઠોડ સાહેબ સહિત૨૫પોલીસકર્મીઓ,જીવદયા ગ્રુપ અને યુનિટી ગ્રુપ પારનેરા, ઈમરજન્સી બ્લડ ડોનર ગ્રુપ,પારડી સાયન્સ કોલેજ ના એન એસ એસ ના વિદ્યાર્થીઓ, યુવા ભાજપ મોરચા, પારડી શહેર કોંગ્રેસ,વિવિધ હોસ્પિટલ ના કર્મચારીઓ વગેરે એ કેમ્પમા ભાગ લીધો હતો. મુંબઈથી ખાસ પધારેલ ડો.રાજેશ કાસલી,ડો નિતા જાનગડ,તેમજ વલસાડ ના ડો.સંદીપ દેસાઈ દ્વારા CPR દ્વારા કેવી રીતે વ્યક્તિનો જીવ બચાવી શકાય એનું ઓડીઓ વિસ્યુઅલ અને મેનીકવિન ના માધ્યમ થી નિર્દેશન કર્યું. હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ડો.પ્રફુલ મેહતા, ટ્રસ્ટી ડો.નીલમ મેહતા, નીતિનભાઈ દેસાઈ,ગર્વનિંગ કમિટી સભ્ય પ્રીતેશ ભરુચા, પ્રેમલસિંહ ચૌહાણ,સાયન્સ કોલેજના કેમ્પસ ડિરેક્ટર દીપેશ શાહ, લાયન્સ ક્લબ ભરતદેસાઈ, લા.શાંતિલાલ પટેલ,વાપી બોહરા ક્લબ ના લા.મોહમ્મદ નલવાળા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત તમામ યુવાનોએ મેનિકવિન ઉપર CPR આપવાની પ્રેક્ટિસ કરી હતી. ત્રણ જેટલા મેનિકવિન નિર્લેય પટેલ દ્વારા નિઃશુલ્ક પુરા પાડવામાં આવ્યા હતા. કેમ્પ મા ભાગ લેનાર તમામને હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

## પારડી લીટલ ફલાવર્સ સ્કુલમાં બાળકો માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** પારડી તાલુકા ના લીટલ ફલાવર્સ સ્કૂલમાં ધોરણ ૫ અને ૧૦ના બાળકો માટે DTP બૂસ્ટર-૨ રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો.

ભારત સરકારના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત લીટલ ફલાવર્સ સ્કૂલમાં ધોરણ ૫ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ડીટીપી DTP બૂસ્ટર-૨ રસીકરણનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગની એક વિશેષ ડૉક્ટર્સ અને મેડિકલ સ્ટાફની ટીમે શાળાની મુલાકાત લીધી હતી આ રસીકરણ કામગીરીમાં ડૉ. આશિષ એન. પટેલ RBSK, મિતાલી પટેલ ફાર્માસિસ્ટ ધર્મિષ્ઠા પટેલ અને ભૂમિકા પટેલ FHW, અલ્પેશ સી. પટેલ MPHW તથા કીર્તિ પટેલ CHO પારડી સહિતની આરોગ્ય ટીમે હાજર રહીને બાળકોને સુરક્ષિત રીતે રસી આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના ડાયરેક્ટર જોય સરદાર, આચાર્ય પુષ્કર ગોંડલિયા તથા શાળાના તમામ શિક્ષકગણે ઉત્સાહપૂર્વક પૂરેપૂરો સહાયતા અને સહયોગ આપ્યો હતો. શાળા પરિવાર અને આરોગ્ય ટીમની સંયુક્ત મહેનતથી આ રસીકરણ ઝુંબેશ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થઈ હતી.

## પારડી તાલુકામાં ખેડૂતો રોપણીના કામમાં જોતરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** પારડી તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા સારા વરસાદ બાદ ખેતી માટે અનુકૂળ માહોલ સર્જાતા ખેડૂતો હવે રોપણીના કામમાં વ્યસ્ત બન્યા છે. વરસાદના આગમનથી ખેતરોમાં પૂરતું પાણી ભરાતા ડાંગર સહિતના ખરીફ પાકની રોપણીની કામગીરીને વેગ મળ્યો છે. તાલુકાના વિવિધ ગામોમાં વહેલી સવારથી જ ખેડૂતો પરિવારજનો અને મજૂરો સાથે ખેતરોમાં ડાંગરની રોપણી કરતા જોવા મળી રહ્યા છે. સારો વરસાદ થતાં આ વર્ષની ખેતી સારી રહેવાની આશા છે.

### લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના તત્ત્વાધાનમાં ડિસ્ટ્રિક્ટ૩૨૩૨એફ૨ના

## પારડીમાં રિજીયન-૫ની સાત ક્લબોનો જોઇન્ટ ઈન્સ્ટોલેશન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના તત્ત્વાધાનમાં ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨જ૨ના રિજીયન-૫ની સાત લાયન્સ ક્લબોની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની સંયુક્ત સ્થાપના Joint Installation Ceremony ભવ્ય અને ઐતિહાસિક રીતે યોજાઈ. લાયન્સના ઈતિહાસમાં આ પ્રસંગ એક યાદગાર સીમાચિહ્ન બન્યો હતો. જેમાં રિજીયનની સાત ક્લબોના હોદ્દેદારોએ એક જ મંચ પરથી શપથ ગ્રહણ કર્યો હતો આ સમારોહમાં લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ, લાયન્સ ક્લબ ઓફ વાપી બહોરા, લાયન્સ ક્લબ ઓફ ધરમપુર સ્ટેટ, લાયન્સ ક્લબ ઓફ વાપી રોયલ, લાયન્સ ક્લબ ઓફ ભિલાડ આરાધના, લાયન્સ ક્લબ ઓફ પારડી રત્ન તેમજ લાયન્સ ક્લબ ઓફ પારડીના વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચૂંટાયેલા પ્રમુખો અને હોદ્દેદારોએ એકસાથે શપથ ગ્રહણ કર્યો હતો.



સ્થાપના અધિકારી તરીકે લાયન્સ જગતના લોકપ્રિય અને કર્મઠ આઈ.પી.ડી.જી. લાયન મોનાબેન દેસાઈએ સંગીતની મધુર સુરાવલીઓ વચ્ચે તમામ પ્રમુખો અને હોદ્દેદારોને હોદ્દાના શપથ લેવડાવી ભવ્ય રીતે સ્થાપિત કર્યા. નવા પ્રમુખોએ ઢોલના તાલ સાથે ઉત્સાહભેર પોતાનો હોદ્દો સંભાળતા સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો સમારોહમાં વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર-૨ લાયન દર્શનાબેન તુરખિયા મુખ્ય અતિથિ તરીકે તથા પાસ્ટ મલ્ટિપલ કાઉન્સિલ ચેરમેન લાયન નિશિથ કિનારીવાળા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ નવી ટીમોને શુભેચ્છાઓ પાઠવી અને સેવા મિત્રતા તથા સમાજહિતના કાર્યોમાં વધુ સક્રિય બની લાયન્સના મૂલ્યોને આગળ વધારવા પ્રેરણા આપી.

હેલ્પિંગ હેન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત મેડિકલ હોમ પારડી ખાતે યોજાયેલા આ સમારોહમાં ઉમરગામથી ભરૂચ સુધીની ૩૦થી વધુ લાયન્સ ક્લબોના અંદાજે ૧૪૦થી વધુ હોદ્દેદારો અને સભ્યોએ ઉપસ્થિત રહી નવી વરાયેલી ટીમોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વધુ ભવ્યતા અને ગૌરવ પ્રદાન કર્યું હતું

સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન પાછળ લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લની ટીમે અથાગ પરિશ્રમ કર્યો હતો. ખાસ કરીને લાયન પ્રેમલસિંહ ચૌહાણ પ્રમુખ, લાયન પ્રિતેશ ભરુચા, લાયન ભરત દેસાઈ તેમજ સમગ્ર આયોજક ટીમે સુંદર આયોજન કરીને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો આ ઉપરાંત ડિસ્ટ્રિક્ટના અનેક લાયન મિત્રોએ પણ ઉત્સાહભેર સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન લાયન પ્રિતેશ ભરુચા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉમરસાડી-માછીવાડ સ્વચ્છતા, સુરક્ષા અને સુવિધાઓથી સમૃદ્ધ બન્યું



### સરપંચ ખુશ્બુબેન ટંડેલની આગેવાનીમાં સ્વચ્છતા અભિયાનને વેગ મળ્યો : તળાવ અને માર્ગોની સફાઈ સાથે માછીવાડ ખુલ્લામાં શૌચમુક્ત ગામ બન્યું

એક સમયે હતો કે, પારડી તાલુકાના કાંઠા વિસ્તારમાં વિકાસના કામો માટે માછીમાર ભાઈઓએ દોડ લગાવવા પડતી હતી પર હવે છેલ્લા ૧૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માછીમાર ભાઈઓને વિકાસના કાર્યો માટે હવે દોડ લગાવવા પડતી નથી કાંઠા વિસ્તારમાં ખાસ કરીને ઉંમર સાડી માછીવાડ વિસ્તારમાં ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના નેજા હેઠળ હાલના સરપંચ ખુશ્બુબેન ટંડેલ અને એમની ટીમ એ એક વર્ષની અંદર કરોડો રૂપિયાના કામ કર્યા છે જે ખરેખર કાંઠા વિસ્તારના ગામડાઓમાં એક વિશાળ સિદ્ધિ કહી શકાય છે. માછીવાડ તરફ ધ્યાન આપીએ તો કયા કયા કામો થયા છે. પ્રથમ તો દરિયાઈ ધોવાના લીધે માછીમાર ભાઈઓના અસ્તિત્વ સામે ખતરો હતો જેથી માછીમાર ભાઈઓ માટે કરોડો રૂપિયાના ખર્ચે પ્રોટેક્શન વોલ બનાવવામાં આવી છે જે પ્રોટેક્શન વોલ ના લીધે હાલમાં ભારે વરસાદ હોવા છતાં પણ કોઈ પણ નાગરિકના ઘરને નુકસાન થયું નથી કે દરિયાઈ ધોવાણ થયું નથી કે કોઈ સ્થળાંતર કરવાની પરિસ્થિતિ સર્જાઈ નથી. બીજી તરફ રાજ્યની સૌથી મોટી વિશાળજેટીનું નિર્માણ થઈ રહ્યું છે. પર્યટન ક્ષેત્રે માછીવાડ દરિયા કિનારાને વિકસિત કરવામાં આવી રહ્યું છે સતત થઈ રહેલા વિકાસના કામોના લીધે પર્યટન ક્ષેત્રે દરિયો કિનારો વિકસિત થયો છે. બીજી તરફ માછીવાડ ગામમાં જ્યાં સ્વચ્છતા



**પારડીનો પત્ર**

કુલદિપસિંહ રાજપુત, પારડી

અભિયાન ના હતા અને ગંદકી સર્જાઈ રહ્યા થી ત્યારે સરપંચ ખુશ્બુબેન અને એમની ટીમ એ જાગૃતતા દાખવી છે. જેના લીધે ગામમાં તળાવની સફાઈ થઈ રોડ રસ્તાની સફાઈ થઈ લોકો ખુલ્લામાં સોચ કરતા હતા તે બંધ થયું આવી જાગૃતિ અનેક સેમિનાર કરીને સરપંચ કરી રહ્યા છે. જેમાં ધારાસભ્ય કનુભાઈ દેસાઈ વ્યસ્ત હોવા છતાં પણ ટાઈમ કાઢીને આવી રહ્યા છે ગામના દરેક ફળિયાઓમાં પેવર બ્લોકના રસ્તા ડામરના રસ્તા નવી પ્રાથમિક શાળાના મકાનનું નિર્માણ માછીમાર ભાઈઓ માટે સરકારની યોજનાઓ નો લાભ આપવામાં આવ્યો છે આદિવાસી વિસ્તારોમાં ગટર અને રસ્તાના કામો ડિજિટલ ગ્રામ પંચાયત બને એ માટે નવા ગ્રામ પંચાયતના મકાનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આધુનિકરણ એ સમાજનો મુખ્ય પાયો છે. સમગ્ર ગામને સીસીટીવી કેમેરાથી સર્જ કરી દેવામાં આવ્યું છે કોઈપણ ત્રાહિત વ્યક્તિ ગામમાં પ્રવેશ કરશે તો સીસીટીવી કેમેરાની નજર એના ઉપર રહેશે જેનાથી ક્રાઈમ થતા અટકશે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં નવો સેડ બનાવવામાં આવ્યો છે અને પ્રોટેક્શન વર્લ્ડનું કામ ચાલુ છે દરિયા કિનારે સાગર ક્રિયા કરવા માટે નવા રોડનું કામ દરેક શાળાઓમાં પ્રોટેક્શન વોલ બનાવવાનું કામ લોકોનો આરોગ્ય સચવાઈ રહે એ માટે મેડિકલ કેમ્પો માછીમાર ભાઈઓની વિવિધ રજૂઆતો સરકારમાં કરી એમના પ્રશ્નોના નિકાલ કરવામાં આવ્યા વારંવાર ધારાસભ્યની વિઝીટ દરમિયાન લોકોને પડતી મુશ્કેલી નિકાલ કરવામાં આવ્યો એવા કરોડોના કામ એક વર્ષની અંદર માછીવાડ ગામમાં થયા છે અને પ્રગતિમાં કામ ચાલી રહ્યા છે એક સમય હતો કે, કાંઠા વિસ્તારમાં દરિયાઈ ધોવાણ ભયંકર થઈ રહ્યો હતો તે અટકી ગયો છે. રસ્તા ખરાબ હતા. આરોગ્યની સુવિધા ન હતી તે તમામ સુવિધાઓ મળતી થઈ છે ઉંમર સાડી દરિયો કિનારો હવે વિકસિત દરિયો કિનારો બની રહ્યો છે. ખરેખર કાંઠા વિસ્તારમાં થઈ રહેલા વિકાસના કામો એક અનેરી ઓળખ ભાજપ સરકાર માટે ઉભી કરી રહી છે. ગામના સરપંચ ખુશ્બુબેન ટંડેલ અને એમની ટીમ જોઈએ એટલા કામો ગામમાં કરાવી રહ્યા છે. જેનાથી ગ્રામજનોને રાહત મળી છે ગ્રામજનોમાં ખુશીની લાગણી છે.

## જે.પી. પારડીવાલા કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** કિલ્લા-પારડી સ્થિત જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના ફલ્લ સમિતિ દ્વારા કોલેજના સેન્ટ્રલ હોલ ખાતે રાષ્ટ્રીય નિર્માણમાં યુવાનોની ભૂમિકા વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા દેવેન્દ્ર પિમ્પુટકર હતા. તેમણે પોતાના ઉદ્બોધનમાં યુવાનોને રાષ્ટ્રના વિકાસમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે આજે ભારતની કુલ વસ્તીમાં આશરે ૨૭ુ યુવાનો છે, જે દેશની સૌથી મોટી શક્તિ છે. તેમણે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટ-અપ સંસ્કૃતિ, આત્મનિર્ભરતા અને નવીનતાના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું કે ભારતમાં ૧૨૫થી વધુ યુનિકોર્ન કંપનીઓ યુવાનોની નવીન વિચારશક્તિ અને ઉદ્યોગ સાહસિકતાનું ઉત્તમ ઉદાહરણ છે. સાથે જ મહિલાઓના ઉદ્યોગસાહસિક યોગદાનની પ્રશંસા કરતાં યુવાનોને સ્વદેશી અપનાવો, પર્યાવરણ પ્રત્યે જવાબદારી નિભાવવાની તથા વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને જીવનમાં ઉતારી રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ફાલ્ગુનીબેન જી. દેસાઈનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. જીતુભાઈ ભોઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ ડૉ. વૈશાલી ચાવડા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના સફળ આયોજનમાં ડૉ. રશ્મિ પરમારનો પણ ટેક્નિકલ ફાળો રહ્યો હતો.

કાર્યક્રમમાં ૨૦૦ જેટલા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર હાજરી આપી વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : કુલદિપસિંહ : ૯૮૭૯૩૭૪૬૦૫

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 22, July 2026

## નભમાં નવજાગરણ

અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ભારતે વધુ એક ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. અવકાશમાં, નભમાં આ એક પ્રકારે નવજાગરણ છે. ભારતે ૧૮મી જુલાઈએ પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ વિક્રમ-૧ અવકાશમાં મૂક્યો છે. સરકારી સંસ્થાન અને નિજી સ્તર ઉપર આ ક્ષેત્રે કામ કરી રહેલી એજન્સીઓની આ ઉત્તુંગ સિદ્ધિ છે. હરિકોટાથી હાથ ધરાયેલાં આ વિશિષ્ટ અભિયાને દેશના અંતરિક્ષ ઈતિહાસમાં સુવર્ણ અધ્યાય લખ્યો છે. ઈસરોની સ્થાપનાથી આજ સુધી આ સંસ્થાને સાતત્યપૂર્ણ રીતે નોંધપાત્ર કામ કર્યું છે. વિશ્વના અન્ય દેશોએ ભારતની અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રની સફળતાની નોંધ વારંવાર લીધી છે. ચંદ્રયાન -૩, આદિત્ય એલ-૧ની સફળતાથી આગળ વધીને હવે માનવ મિશન અને વાણિજ્યિક સ્પેસ માર્કેટમાં પણ પ્રવેશ કર્યો છે-દબદબાભેર. વિક્રમ-૧ સ્પેસ સ્ટાર્ટઅપ અંતર્ગત ભારતનું સર્વપ્રથમ ખાનગી (પ્રાઈવેટ) ઓર્બિટલ ક્લાસ રોકેટ છે. ઓલ કાર્બન કમ્પોઝિટ સંરચનાથી બનેલું આ રોકેટ સંપૂર્ણ સ્વદેશીરૂપથી બન્યું છે. અગત્યની વાત એ છે કે, અમેરિકા અને ચીન પછી ભારત હવે એવો ત્રીજો દેશ બન્યો છે, જેની ખાનગી કંપની પાસે પણ ઓર્બિટલ લોન્ચની ક્ષમતા છે. દેશમાં ૨૦૧૪માં સ્પેસ સ્ટાર્ટઅપની સંખ્યા એક હતી જે આજે વધીને ૪૦૦ સુધી પહોંચી છે. વૈશ્વિક અંતરિક્ષ અર્થતંત્રમાં ભારતની ભાગીદારી વધારવાનું તેનું લક્ષ્ય છે. અત્યારે તે હિસ્સો બે ટકા છે, ૨૦૩૦ સુધીમાં તે ૧૦ ટકા કરવાનો આ ક્ષેત્રના અગ્રીમ લોકોનો મનોરથ છે. ઈસરો- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ વી. નારાયણને તો કહ્યું પણ ખરું કે ગગનયાનની યોજના તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ, આગામી બે માસમાં તે ગતિ પકડશે અને તે પ્રથમ માનવરહિત ઊડાન હશે. ભારતના અંતરિક્ષ યાત્રીઓને પૃથ્વીથી ૪૦૦ કિલોમીટર ઉપર ત્રણ દિવસ માટે મોકલવા અને સુરક્ષિત પરત લાવવાનું લક્ષ્ય આ મિશન થકી પાર પડશે. અગાઉ પણ જેની ચર્ચા થઈ છે તે ભારતના સ્પેસ સ્ટેશનના નિર્માણ તરફ આ એક મક્કમ કદમ છે. ૨૦૩૫ સુધીમાં ભારતનું પોતાનું અંતરિક્ષ મથક અવકાશમાં હોય તે લક્ષ્ય છે. ૨૦૨૭માં ચંદ્રયાન-૪ અભિયાન પણ શરૂ થવાનું છે અને તે વિશેષ એટલા માટે છે કે ચંદ્રની સપાટી ઉપરથી માટી અને શિલાઓના નમૂના તે લાવશે. ઈસરો માર્ચ ૨૦૨૮માં શુક્ર ગ્રહના વાયુમંડળનો અભ્યાસ કરવા માટે પણ અભિયાન શરૂ કરવા માટે પ્રથમ ઓર્બિટર મોકલશે. ૪૬ વર્ષ પૂર્વે સ્વદેશી રોકેટ એસએલવી-૩ લોન્ચ થયું હતું ત્યારથી આજે આ વિક્રમ-૧ સુધીની અવકાશી સફર સુદીર્ઘ છે. ઈસરોની ટેકનિકલ વિસેષજ્ઞતા, દેશના યુવા સ્પેસ સ્ટાર્ટઅપની ઉદ્યમશીલતાનું આ ઉદાહરણ છે અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડેલ છે. ભવિષ્યમાં ભારતને દુનિયાનું અગ્રણી સ્પેસ સુપર પાવર બનાવવાની દિશામાં સૌથી મોટું પ્રેરકબળ સાબિત થશે. હવે ભારત અંતરિક્ષમાં ફક્ત એક ખેલાડી નથી, પરંતુ નિયમો બનાવનાર દેશની અગ્ર હરોળમાં છે.

દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS

## INDO-MIMલિમિટેનો આઈપીઓ ગુરુવારે ખુલશે

અમદાવાદ, તા. ૨૧ : INDO-MIMલિમિટે કંપનીનો આઈપીઓ ૨૩ જુલાઈ, ૨૦૨૬ને ગુરુવારે ખુલશે, જેમાં ?૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરની ઓફર રજૂ થશે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ માટેની તારીખ આઈપીઓ/બિડ ખુલ્યાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૨ જુલાઈ, ૨૦૨૬ને બુધવાર છે. બિડ/ઓફર ૨૭ જુલાઈ, ૨૦૨૬ને સોમવારે બંધ થશે.

UPI મેન્ડેટ એન્ડ ટાઈમ અને ડેટ બિડ/ઓફર બંધ થયાની તારીખે સાંજના ૫.૦૦નો રહેશે

ઓફરની પ્રાઈસ બેન્ડ ૧ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીના દરેક ઈક્વિટી શેરદીઠ ૪૬૧થી૧ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ ૪૮૫નક્કી થઈ છે. બિડ લઘુતમ ૩૦ ઈક્વિટી શેર માટે કરી શકાશે, જે દરેકની ફેસ વેલ્યુ ?૧ છે અને પછી વધારે રોકાણ ૩૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે, જે દરેકની ફેસ વેલ્યુ પણ ૧ છે. ઓફરમાં ૫,૦૦૦ મિલિયન સુધીના કુલ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા ૬૮,૨૯૧,૦૨૨ ઈક્વિટી શેરની ઑફર ફોર સેલ શામેલ છે.

ઓફર ફોર સેલમાં ગ્રીન મીડૉઝ ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડ ના મિલિયન સુધીના ૬૦,૫૨૪,૩૨૨ ઈક્વિટી શેર; અનુરાધા કોદુરીના મિલિયનના ૫,૪૫૯,૦૦૦ ઈક્વિટી શેર અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી મદ્રાસના મિલિયનના ૨,૩૦૭,૭૦૦ ઈક્વિટી શેર શામેલ છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ પર થશે. ઑફર માટે બુક રનિંગ લીડ મેનેજર HDFC બેંક લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, ICICI સીક્યોરિટીઝ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને SBI કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે.

## સ્ટાર હેલ્થની ડૉક્ટરની સલાહ અને હોમ હેલ્થ કેરની સુલભતાને મજબૂત બનાવી

**સુરત, તા. ૨૧ :**ચોમાસાની ઋતુની શરૂ થતાની સાથે જ ડેન્ગ્યુ, મેલેરિયા,તાવ અને અન્ય ચેપી રોગોના કેસો સામાન્ય રીતે વધવા લાગે છે.આ વર્ષે રાજ્યમાં ચાંદીપુરા વાયરસ અંગે પણ ચિંતા સતત વધી રહી છે.આ પ્રકારના સમયમાં ભારતની અગ્રણી સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ સમગ્ર રાજ્યમાં તેની ચોમાસા દરમિયાનની હેલ્થકેર અને જનજાગૃતિ અભિયાન (આઉટરીચ)ને વધુ વેગ આપી રહી છે. સ્ટાર હેલ્થના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના ગુજરાતના આંકડા દર્શાવે છે કે તાવ અને અન્ય ચેપી રોગો માટે હોમ હેલ્થકેરના વપરાશમાં ત્રણ ગણો વધારો થયો છે.આ વૃદ્ધિની સાથે જ કંપનીએ દેશભરમાં તેની તાજેતરમાં શરૂ કરાયેલી વર્ચ્યુઅલ OPD સર્વિસ માટે પણ અસાધારણ માંગ જોઈ છે કે, જેમાં ગ્રાહકોની વધતી સંખ્યા મેડિકલ કન્સલ્ટેશન માટે આ સર્વિસને તેમના પ્રથમ વિકલ્પ તરીકે પસંદ કરી રહેલ છે.

પોલિસીધારકો હોમ હેલ્થકેર અથવા હોસ્પિટલમાં દાખલ થવા સંબંધિત માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ટોક ટુ સ્ટારના ૭૨૦૦ ૨૨૨ ૩૩૩ નંબર પર કૉલ કરી શકે છે. જ્યારે સામાન્ય પ્રજા ૨૪/૭ ફ્રી વર્ચ્યુઅલ OPD કન્સલ્ટેશન બુક કરવા માટે સ્ટાર હેલ્થ એપનો ઉપયોગ કરી શકે છે.

પીએમ નિવાસસ્થાન નજીક દિલ્હી પોલીસે

# વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી- પ્રિયંકા ગાંધી વાડ્રાની અટકાયત





લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાને મંગળવારે દિલ્હી પોલીસે અટકાયતમાં લીધા હતા, જ્યારે તેઓ લોક કલ્યાણ માર્ગ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાવાર નિવાસસ્થાન નજીક વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહ્યા હતા, જ્યાં કોંગ્રેસના નેતાઓ એનઈઈટી-યુજી ૨૦૨૬ પ્રશ્નપત્ર લીક અંગે જવાબદારીની માંગ કરી રહ્યા હતા અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા હતા.

દિલ્હી પોલીસે અટકાયતમાં લેતા, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, તેઓ કાયર છે. તેઓ ડરી ગયા છે. અમે તેમનાથી ડરતા નથી. તેઓ અમારાથી ડરે છે.

પોલીસે રાહુલ ગાંધીને સ્થળ પરથી બળજબરીથી દૂર કરવાનો પ્રયાસ કર્યો અને તેમને બસમાં લઈ જતા જોવા મળ્યા.

એક દિવસ પહેલા પરશ્નપત્ર લીક પર વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ બર્બરતાનો આરોપ લગાવ્યા બાદ પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરી નાખતા ઘણા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોની પણ અટકાયત કરવામાં આવી હતી.

અટકાયત બાદ પોલીસ વાનની અંદરથી એએનઆઈ સાથે વાત કરતા કોંગ્રેસના સાંસદ રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું કે આ વિરોધ પ્રદર્શન સરકાર વિરુદ્ધ એક મોટા આંદોલનની શરૂઆત દર્શાવે છે.

આ અંત નથી; તે રાહુલ ગાંધીના નેતૃત્વમાં એક નવી ક્રાંતિની શરૂઆત દર્શાવે છે. તેઓ આપણને કેદ કરી શકે છે, લાઠીચાર્જ કરી શકે છે અથવા આપણી સાથે દુર્વ્યવહાર કરી શકે છે, પરંતુ મોદીજીએ ભારતના લાખો પુત્રો અને પુત્રીઓને જવાબ આપવો પડશે જેમણે પ્રશ્નપત્ર લીકને કારણે પોતાનું ભવિષ્ય ગુમાવ્યું છે અને તેમના પરિવારોની આશાઓ બુઝાઈ ગઈ છે. આ ક્રાંતિ હવે એક શક્તિશાળી અગ્નિમાં ભડકી જશે; રાહુલ ગાંધીના નેતૃત્વમાં, તે રોકાશે નહીં, સુરજેવાલાએ કહ્યું.

કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કહ્યું, દુર્ભાગ્યપૂર્ણ છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી (અટકાયતમાં લેવામાં આવ્યા). આપણે બધા આ દેશના વિદ્યાર્થીઓના હિત માટે લડી રહ્યા છીએ. આપણે ન્યાય ઈચ્છીએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે આની ચર્ચા સંસદમાં થાય... ૧૦૦ થી વધુ સાંસદો અહીં છે. કોઈને ધરપકડ થવાનો ડર નથી... ન્યાય ન મળે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે....

પ્રધાનમંત્રી કાર્યાલયમાં કેન્દ્રીય રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે વિરોધ સ્થળ નજીક યોજાયેલી વાટાઘાટો દરમિયાન રાહુલ ગાંધી પોતાના શબ્દથી પાછા ફર્યા હોવાનો આરોપ લગાવ્યાના થોડા સમય પછી અટકાયત કરવામાં આવી.

એક્સ પર એક પોસ્ટમાં, સિંહે કહ્યું કે તેમને, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન સાથે, અકબર રોડ નજીક તેમના ધરણા વિરોધ શરૂ કર્યા પછી, કોંગ્રેસ નેતૃત્વ સાથે વાતચીત કરવા માટે સરકારે નિયુક્ત કર્યા હતા.

સિંહના જણાવ્યા મુજબ, રાહુલ ગાંધી શરૂઆતમાં એનઈઈટી મુદ્દા અને ચાલુ વિદ્યાર્થી આંદોલન પર સંસદમાં ચર્ચાની માંગ સ્વીકારે તો વિરોધ સમાપ્ત કરવા સંમત થયા હતા. તેમણે દાવો કર્યો કે સરકાર માંગણી સાથે સંમત થયા પછી, ગાંધીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાનો આગ્રહ રાખીને બીજી શરત ઉમેરી.

સિંહે વધુમાં આરોપ લગાવ્યો કે ગાંધીએ સ્થળ ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો, તેમ છતાં તેમને જાણ કરવામાં આવી હતી કે તે વિરોધ પ્રદર્શન માટે નિયુક્ત નથી અને તેમણે કોંગ્રેસના નેતા પર લોકશાહી ધોરણો વિરુદ્ધ કાર્ય કરવાનો આરોપ લગાવ્યો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સરકાર એનઈઈટી સંબંધિત તમામ મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા માટે તૈયાર છે, પરંતુ કોંગ્રેસે સંસદીય નિયમો હેઠળ આવી ચર્ચા માટે કોઈ ઔપચારિક સૂચના રજૂ કરી નથી.

એનઈઈટી-યુજી ૨૦૨૬ પ્રશ્નપત્ર લીક અને નિઃશસ્ત્ર વિદ્યાર્થી વિરોધીઓ સામે પોલીસ કાર્યવાહીને લઈને રાજકીય સંઘર્ષના એક દિવસ પછી કોંગ્રેસના વિરોધ પ્રદર્શન થયા. વિરોધ પક્ષોએ આ મુદ્દા પર ચર્ચાની માંગણી કરતા સંસદમાં વારંવાર વિક્ષેપ પડ્યો, જ્યારે કોંગ્રેસે કહ્યું કે પરીક્ષા વિવાદ અને વિદ્યાર્થીઓ સામે કથિત પોલીસ અતિરેક માટે કેન્દ્રએ જવાબદારી લેવી જોઈએ.

## વડાપ્રધાન-ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસનું ધરણું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૧ :

દિલ્હીમાં પેપર લીક મામલો અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે.

કોંગ્રેસના નેતાઓએ મંગળવારે વડાપ્રધાનના નિવાસસ્થાન ૭ લોક કલ્યાણ માર્ગ નજીક ધરણા યોજીને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક સાંસદો અને કાર્યકરો આ વિરોધમાં સામેલ થયા હતા.

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી છે. પાર્ટીનો આરોપ છે કે વિદ્યાર્થીઓના પ્રશ્નોને અવગણવામાં આવી રહ્યા છે અને વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.

## ભવિષ્યમાં પેપર લીક રોકવા ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવાશે :મોદી


(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૧ : સંસદના ચોમાસુ સત્રની શરૂઆત સાથે જ NEET પેપર લીક કેસ ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષે આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે સરકાર તરફથી કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ સ્પષ્ટતા કરી કે પેપર લીકની માહિતી મળતા જ કેન્દ્ર સરકારે તાત્કાલિક અને કડક પગલાં લીધા હતા. તેમણે જણાવ્યું કે તપાસ દરમિયાન સંડોવાયેલા ૧૩ આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે.



કિરેન રિજિજૂએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના ભવિષ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની વાત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, પરીક્ષા પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ સામે સરકારે કોઈપણ પ્રકારની ઢીલ દાખવી નથી. વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે ટૂંકા સમયમાં ફરીથી પરીક્ષા યોજાઈ અને તેના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા.

સરકારે ભવિષ્યમાં આવી કોઈપણ ઘટના ફરી ન બને તે માટે પરીક્ષા વ્યવસ્થામાં વ્યાપક સુધારા કરવાની દિશામાં કામગીરી શરૂ કરી હોવાનું પણ જણાવાયું. વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક કહ્યું કે દેશની પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક, સુરક્ષિત અને વિશ્વસનીય બનાવવા માટે સંપૂર્ણ "ફૂલ-પ્રૂફ સિસ્ટમ" વિકસાવવામાં આવશે. સાથે જ પેપર લીક જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને તેમને ઉદાહરણરૂપ સજા આપવામાં આવશે.કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સરકારનો મુખ્ય ઉદ્દેશ લાખો વિદ્યાર્થીઓના વિશ્વાસને મજબૂત બનાવવાનો છે. પરીક્ષા પ્રણાલી પર લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે ટેક્નોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા, મજબૂત મોનિટરિંગ અને જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા વધુ અસરકારક બનાવવામાં આવશે.

## સરકારે ખેડૂતોની બે માંગ સ્વીકારી, દિલ્હી બોર્ડર પર સુરક્ષા યથાવત



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૧ : પંજાબના ખેડૂતો દ્વારા ભારત-અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (FTA)ના વિરોધમાં જાહેર કરાયેલા દિલ્હી કૂચનો દેશભરમાં વ્યાપક પ્રભાવ જોવા મળ્યો છે. શંભૂ, ખનૌરી અને કુંડલી બોર્ડર પર ખેડૂતોના જોરદાર વિરોધ વચ્ચે હરિયાણા સરકારે ખેડૂતોની બે મહત્વની માંગણીઓ સ્વીકારી છે. ખેડૂત નેતાઓની મુક્તિ અને કૃષિ મંત્રી સાથે બેઠક યોજવાની ખાતરી મળ્યા બાદ ખેડૂતો ધીમે-ધીમે પોતાના સ્થળોએ પરત ફરી રહ્યા છે. જોકે, ખેડૂતોની મુખ્ય માંગ એવા ભારત-અમેરિકા મુક્ત વેપાર કરારને રદ કરવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

મંગળવારે વહેલી સવારથી જ ખેડૂતોના કાફલા દિલ્હી તરફ આગળ વધવા માટે શંભૂ અને ખનૌરી બોર્ડર પર એકત્ર થયા હતા. સંભવિત કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને હરિયાણા અને દિલ્હી પોલીસે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. અનેક સ્થળોએ બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરીને લોકોની અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવ્યું હતું. દિલ્હી તરફ જતાં મુખ્ય માર્ગો પર ભારે પોલીસ બંદોબસ્ત સાથે સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા હતા.ખેડૂતોનું કહેવું છે કે ભારત-અમેરિકા મુક્ત વેપાર કરાર અમલમાં આવશે તો તેની સીધી અસર દેશના કૃષિક્ષેત્ર, ડેરી ઉદ્યોગ અને ગ્રામિણ અર્થતંત્ર પર પડશે. સસ્તા વિદેશી કૃષિ ઉત્પાદનો ભારતીય બજારમાં પ્રવેશશે તો સ્થાનિક ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે. આ કારણસર ખેડૂતો કરાર સંપૂર્ણપણે રદ કરવાની માંગ પર અડગ છે.

## ભારે હંગામા બાદ લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૧ : સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે પણ લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. વિપક્ષે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર થયેલી પોલીસ કાર્યવાહી, દ્વઈઈ પરીક્ષા વિવાદ સહિતના મુદ્દાઓને લઈને સરકાર સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

સતત હંગામાને કારણે બંને ગૃહોમાં કોઈ મહત્વપૂર્ણ ધારાસભાકીય કામકાજ થઈ શક્યું નહીં અને અંતે લોકસભા તથા રાજ્યસભાની કાર્યવાહી બુધવાર, ૨૨ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સભ્યોએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. ભારે હોબાળાને કારણે અધ્યક્ષે પ્રથમ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી અને ત્યારબાદ ૨ વાગ્યા સુધી મુલતવી રાખી હતી. બપોરે ફરી બેઠક શરૂ થયા બાદ પણ સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં આખા દિવસ માટે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી.

રાજ્યસભામાં પણ સમાન સ્થિતિ જોવા મળી હતી. કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવી સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હોબાળાને કારણે રાજ્યસભામાં પણ કોઈ નિયમિત કાર્યવાહી થઈ શકી નહોતી.સંસદની બહાર મીડિયા સાથે વાત કરતાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશની શિક્ષણ વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓની માંગણીઓને યોગ્ય ગણાવી અને કહ્યું કે પરીક્ષા પ્રણાલીમાં ઉભી થયેલી ખામીઓ અંગે સરકાર જવાબ આપે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે મૌન કેમ છે તેવો સવાલ પણ ઉઠાવ્યો.

મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર નિશાન સાધતાં જણાવ્યું કે વિપક્ષને સંસદમાં પોતાની વાત રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવતી નથી. તેમણે વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે ચર્ચા કરવાની માંગ પુનરાવર્તિત કરી અને કહ્યું કે સંવેદનશીલ મુદ્દાઓ પર સંસદમાં ખુલ્લી ચર્ચા થવી જરૂરી છે.

બીજી તરફ, સરકારનું કહેવું છે કે સંસદમાં મહત્વપૂર્ણ વિધેયકો અને જાહેર હિતના મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ અને વિપક્ષે ગૃહનું કામકાજ અવરોધવાને બદલે ચર્ચામાં ભાગ લેવો જોઈએ. જોકે, દિવસભર ચાલેલા હોબાળાને કારણે કોઈપણ મહત્વપૂર્ણ ચર્ચા કે કાયદાકીય કાર્યવાહી આગળ વધી શકી નહોતી.

ચોમાસુ સત્રના પ્રથમ બે દિવસ સતત અવરોધોથી પ્રભાવિત રહ્યા છે. હવે બુધવારે બંને ગૃહોની બેઠક ફરી શરૂ થશે ત્યારે સરકાર અને વિપક્ષ વચ્ચે ચર્ચા માટે કોઈ સહમતિ બને છે કે ફરી હંગામો જોવા મળે છે, તેના પર સૌની નજર રહેશે.

## મણિપુરમાં પીપલ્સ વોર ગ્રુપના ૪૬ કેડરે આત્મસમર્પણ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
મણિપુર,તા.૨૧ : મણિપુરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. કાંગલેઈપાક કમ્યુનિસ્ટ પાર્ટી (પીપલ્સ વોર ગ્રુપ) એટલે કે KCP (PWG)ના ૪૬ સક્રિય કેડરે હથિયાર છોડીને આત્મસમર્પણ કર્યું છે.

આ આત્મસમર્પણને રાજ્યમાં શાંતિ સ્થાપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

ઈમ્ફાલ ઈસ્ટ જિલ્લાના મંત્રિપુખરી ગેરિસન ખાતે હેડક્વાર્ટર આસામ રાઈફલ્સ (સાઉથ)માં આત્મસમર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહની હાજરીમાં કેડરોએ હિંસાનો માર્ગ છોડીને સામાન્ય નાગરિક જીવનમાં પરત ફરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

આત્મસમર્પણ કરનાર કેડરોએ સુરક્ષા દળોને કુલ ૨૮ હથિયારો સોંપ્યા હતા. તેમાં વિવિધ પ્રકારની રાઈફલ, પિસ્તોલ, ડબલ બેરલ ગન, સિંગલ બેરલ ગન, સેલ્ફ લોડિંગ રાઈફલ (SLR), કાર્બાઈન મશીન ગન અને રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ (RPG) લોન્ચરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મોટી સંખ્યામાં મેગેઝિન, ગોળા-બારૂદ અને વિસ્ફોટક સામગ્રી પણ સુરક્ષા દળોને જમા કરાવવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ આ ઘટનાને ઉગ્રવાદ વિરોધી અભિયાનમાં મોટી સફળતા ગણાવી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, સરકારની આત્મસમર્પણ અને પુનર્વસન નીતિના કારણે ઉગ્રવાદી સંગઠનો સાથે જોડાયેલા ઘણા લોકો હવે હિંસાનો માર્ગ છોડીને સમાજની મુખ્યધારામાં જોડાવા માટે આગળ આવી રહ્યા છે.

## MPવિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ પસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભોપાલ,તા.૨૧ : મધ્યપ્રદેશ વિધાનસભામાં મંગળવારે ભારે રાજકીય હોબાળા વચ્ચે યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ બહુમતીથી પસાર કરવામાં આવ્યું. બિલ રજૂ થતાં જ કોંગ્રેસના ધારાસભ્યોએ જોરદાર વિરોધ નોંધાવ્યો અને સૂત્રોચ્ચાર શરૂ કર્યો, જેના કારણે વિધાનસભાની કાર્યવાહી બે વખત મુલતવી રાખવી પડી હતી. તેમ છતાં સરકારને મળેલા બહુમતના આધારે અંતે બિલ પસાર કરવામાં સફળતા મળી.આ બિલ પસાર થતાં ઉત્તરાખંડ, ગુજરાત અને આસામ બાદ મધ્યપ્રદેશ યુનિફોર્મ સિવિલ કોડ અમલમાં લાવનાર દેશનું ચોથું રાજ્ય બનવા તરફ આગળ વધ્યું છે. સરકારનું કહેવું છે કે આ કાયદાનો હેતુ તમામ નાગરિકો માટે સમાન નાગરિક કાયદાની વ્યવસ્થા સ્થાપિત કરવાનો અને મહિલાઓના અધિકારોને વધુ મજબૂત બનાવવાનો છે.વિધાનસભામાં ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષ આ મુદ્દે દ્વિધા વલણ અપનાવી રહ્યો છે અને વર્ષોથી તુષ્ટિકરણની રાજનીતિ કરતો આવ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર સમાજમાં સમાનતા અને ન્યાય સુનિશ્ચિત કરવા માટે આ બિલ લાવી છે અને મહિલાઓના હિતોની રક્ષા તેની પ્રાથમિકતા છે.બિલની મહત્વપૂર્ણ જોગવાઈઓમાં લિવ-ઈન રિલેશનશિપ માટે ફરજિયાત નોંધણીનો પ્રસ્તાવ સામેલ છે. ઉપરાંત, એકથી વધુ લગ્ન કરવાના કિસ્સાઓમાં કડક કાનૂની કાર્યવાહી અને જેલની સજાની જોગવાઈ પણ કરવામાં આવી હોવાનું સરકારે જણાવ્યું છે.

## સોનમ વાંગચુકને મેદાંતા ખસેડવામાં આવે તો વાંધો નથી: કેન્દ્ર

(જી.એન.એસ) તા. ૨૧
નવી દિલ્હી, મંગળવારે કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, સોનમ વાંગચુકને વધુ સારવાર માટે દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાંથી ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં ખસેડવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું હતું કે ટ્રાન્સફર ફક્ત ડોકટરો દ્વારા તેમને રજા આપવાની મંજૂરી આપ્યા પછી જ થવી જોઈએ, વાંગચુકની પોતાની વિનંતી પર નહીં. વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગ્મો દ્વારા અગાઉના કોર્ટના આદેશને પડકારતી અપીલની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

કેન્દ્ર કહે છે કે ડોક્ટરોએ ડિસ્ચાર્જનો નિર્ણય લેવો જોઈએ

દિલ્હી હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરતા, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે વાંગચુકને બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવે તે સામે સરકારને કોઈ વાંધો નથી. "જો સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી મેદાંતા ખસેડવામાં આવે છે, તો સરકારને કોઈ વાંધો નથી. જોકે, તેમને મેદાંતાના ડોકટરોની સલાહના આધારે હોસ્પિટલમાંથી રજા આપવી જોઈએ, તેમની પોતાની ઈચ્છાના આધારે નહીં."કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, વાંગચુકની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે નિર્ણય સંપૂર્ણપણે તબીબી અભિપ્રાય દ્વારા સંચાલિત થવો જોઈએ. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલે વાંગચુકની આસપાસના કેટલાક લોકોની ભૂમિકા અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કોર્ટને જણાવ્યું કે કેટલાક લોકો કાર્યકર્તાને તેમની તબીબી સ્થિતિને યોગ્ય મહત્વ આપ્યા વિના હોસ્પિટલમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા. "તેમની આસપાસના લોકો તેમના સ્વાસ્થ્યને ધ્યાનમાં લીધા વિના તેમને બહાર કાઢવા માંગે છે," એસજીએ ઉમેર્યું. દિલ્હી હાઈકોર્ટે આદેશ અનામત રાખ્યોબધા પક્ષકારોની રજૂઆતો સાંભળ્યા પછી, દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે તે બપોરે ૨:૩૦ વાગ્યે આ મામલે

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# નવસારીમાં કર્ણાવતી એક્સપ્રેસને સ્ટોપેજ, બોરીવલી-વલસાડ મેમૂ ટ્રેન સુરત સુધી લંબાવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** નવસારી જિલ્લાના રેલવે મુસાફરો અને દૈનિક અપ-ડાઉન કરતા નાગરિકો માટે આનંદ અને રાહતના સમાચાર છે. સ્થાનિક નાગરિકો, વિવિધ સંસ્થાઓ અને જનપ્રતિનિધિઓની રજૂઆતો અને માંગણીઓને ગંભીરતાથી ધ્યાને લઈને રેલવે બોર્ડ દ્વારા ટ્રેન નંબર ૧૨૯૩૩/૧૨૯૩૪ કર્ણાવતી એક્સપ્રેસને નવસારી સ્ટેશન પર સ્ટોપેજ આપવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત, બોરીવલી-વલસાડ મેમૂ (૬૯૧૩૯) ટ્રેનને હવે સુરત સુધી લંબાવવાનો એક પ્રજાહિતલક્ષી નિર્ણય લેવાયો છે, જેનાથી હજારો દૈનિક મુસાફરોની મુસાફરી વધુ સરળ અને સુગમ બનશે.આ મહત્વપૂર્ણ સિદ્ધિ પાછળ નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના સઘન અને સતત પ્રયાસો મુખ્ય કારણ રહ્યા છે. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ તથા ભુરાભાઈ શાહની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે દિલ્હી ખાતે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત કરીને આ પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆત કરી હતી. રેલવે મંત્રાલયે આ રજૂઆતોને હકારાત્મક રીતે સ્વીકારીને ત્વરિત મંજૂરી આપી છે. એટલું જ નહીં, આગામી સમયમાં વંદે ભારત એક્સપ્રેસ અને સૌરાષ્ટ્ર મેલ સહિતની અન્ય પ્રમુખ ટ્રેનોના સ્ટોપેજ અંગે પણ ટૂંક સમયમાં સકારાત્મક નિર્ણયો લેવાય તેવી -બળ શક્યતાઓ સેવાઈ રહી છે.નવસારી જિલ્લાના નાગરિકો અને મુસાફરોની સુવિધામાં વધારો કરતા આ નિર્ણય બદલ પ્રતિનિધિ મંડળે સમગ્ર જિલ્લા વતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# ધમડાચી હાઈવે પરથી ૧.૦૩ લાખનો દારૂ ઝડપાયો

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હોય તે દરમિયાન મળેલી બાતમી આધારે વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ પર ધમડાચી ગામની હદમાં સઘન ચેકિંગ દરમિયાન દમણથી સુરત તરફ જઈ રહેલી એક સ્કોડા રેપીડ કાર નં. MH-02-DG-1596 ને અટકાવીને તપાસ કરતા દારૂ તથા બિયર ની બાટલી ૫૭૬ ટીન મળી આવ્યા જેની કિંમત ૧,૦ ૩,,૬૮૦ કારની કિંમત ૫ લાખ એક મોબાઈલ કિંમત ૫૦૦૦ મળી કુલ ૬,૦૮, ૬૮૦ રૂપિયાના મુદ્દા માલ સાથે અજાર અબ્દુલ અલીમ શરીફ શેખ (ઉં.વ. ૩૨, ધંધો-ડ્રાઈવિંગ, રહે. હાલ- ઘાટકોપર વેસ્ટ, મુંબઈ; મૂળ રહે. પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) ને ઝડપી પાડ્યો છે જ્યારે પંકજ કુમાર યાદવ (રહે. દમણ) - દારૂનો જથ્થો ભરાવી આપનાર ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. જે અંગેની વલસાડ રૂરલ પોલીસ તપાસ હાથ ધરી છે.

# નવેરા કાર અકસ્માતમાં કચીગામના સરપંચપતિની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** ત્રણ દિવસ અગાઉ વલસાડ તાલુકાના નવેરા ગામ પાસે એક અર્ટિગા કાર ચાલાકે રિક્ષાને અડફેટે લેતાં રિક્ષામાં સવાર એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજવાની ઘટનામાં પોલીસે કચીગામ ની મહિલા સરપંચ પતિની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો છે. પારડી તાલુકાના કોલક ગામના રાજેશકુમાર પરભુભાઈ ટંડેલ રહે છે.

રાજેશ ભાઈ પોતાની રિક્ષા નંબર GJ-15-AW-0810 લઈને દર્દીઓને ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ માં ગયા અને ત્યાં સારવાર કરાવી સાંજે પાંચ કલાકે પરત ફરતી વખતે વલસાડના નવેરા ગામના સુથાર ફળિયા ત્રણ રસ્તા, મહિલા ડેરી સામેથી પૂરઝડપે આવતી અર્ટિગા કાર નંબર GJ-15-CQ-0773 ના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારતા તેમાં બેઠેલા મુસાફરો અને રીક્ષા ચાલક રોડ પર ફંગોળાયા હતા. અકસ્માતની ઘટનામાં કલ્યાણભાઈ જાદવભાઈ ટંડેલ (રહે. કોલક ધનેરી ફળિયા)ને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

જયારે રાજેશકુમાર પરભુભાઈ ટંડેલ રિક્ષા ચાલક અને ભુપેન્દ્રકુમાર જોગીભાઈ મલિયાવાલા ને માથામાં ઈજા થતાં ડાબી આંખની ડાબા હાથમાં ફ્રેક્ચર જયારે ?જીજ્ઞાશાબેન ભુપેન્દ્રકુમાર મલિયાવાલા ને જમણા પગ માં ઈજા પહોંચતા ૧૦૮ વલસાડની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની ઘટના અંગે રાજેશ ટંડેલ એ વલસાડ રૂરલ પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે ઘટના બાદ પોલીસે અકસ્માત કરનાર અર્ટિગા કાર ચાલક એવા કચીગામ ગામ પંચાયત મહિલા સરપંચ ના આરોપી પતિ પ્રકાશ રમણ ઠાકોર રહે.કચીગામ તા. જી. વલસાડ ની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો હતો.

# ધરાસણામાં વૃક્ષ પડતાં થતાં ૩ વીજપોલ જમીનદોસ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ તાલુકામાં વાતાવરણમાં આવેલા અચાનક પલટા બાદ તેજ પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. પવનના જોરદાર ફૂંકાવાના કારણે તાલુકાના ધરાસણા ગામે આવેલી મીઠા મંડળીની દુકાન નજીક એક વૃક્ષ અચાનક ધરાશાયી થઈ ગયું હતું. વૃક્ષ પડવાના કારણે વીજ લાઈનને ભારે નુકસાન પહોંચ્યું હતું અને વીજ કંપનીના ત્રણ જેટલા પોલ જમીનદોસ્ત થઈ ગયા હતા.વીજ પોલ ધરાશાયી થવાના કારણે વિસ્તારમાં વીજ પુરવઠો ક્ષણભરમાં જ ખોરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ



સ્થાનિકો એકઠા થઈ ગયા હતા અને વીજ કંપનીને આ અંગે જાણ કરવામાં આવી હતી.

ઘટના સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી મોટી હોનારત કે જાનહાનિ ટળી હતી. વીજ કંપનીની ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી સમારકામ હાથ ધરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# વાંસદામાં ડિજિટલ ધરપકડનો ડર બતાવી મહિલા પાસેથી રૂા. ૯૨,૫૦૦ પડાવ્યા

**વાંસદા, તા. ૨૧ :** વાંસદાના રાણી ફળિયા ગામની એક મહિલાને સાઈબર ક્રાઈમ વિભાગના અધિકારી તરીકે ઓળખ આપી, મોબાઈલમાં Chrome Browser પર અશ્લીલ વિડીયો જોવાનો આરોપ મૂકી ડરાવી-ધમકાવી સમાધાનના બહાને રૂપિયા ૯૨,૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવામાં આવી છે. રાણી ફળિયાની મહિલા સરકારી નોકરી કરે છે, તેના મોબાઈલ પર ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ અજીત મલ્હોત્રા જણાવી, પોતે સાઈબર ક્રાઈમ વિભાગમાંથી બોલતો હોવાનું કહી મહિલાને જણાવ્યું કે તેના મોબાઈલમાં Chrome Browser પર વિવિધ લિંક ખોલી અશ્લીલ વિડીયો જોવામાં આવ્યા છે અને તે અંગે ફરિયાદ કરવામાં આવી હોવાથી પોલીસ ગમે ત્યારે તેની ધરપકડ કરી શકે છે. ત્યારબાદ અન્ય એક મોબાઈલ નંબર પરથી મહિલાને WhatsApp કોલ આવ્યો હતો. કોલ કરનારે સમાધાન તથા માફી પત્રની પ્રક્રિયાના બહાને મહિલાનો વિશ્વાસ જીતી, ટ્રાન્સફર કરેલી રકમ પરત મળી જશે તેવી ખાતરી આપી હતી. આ રીતે મહિલા પાસેથી પ્રથમ રૂપિયા ૨,૦૦૦ અને ત્યારબાદ રૂપિયા ૯૦,૫૦૦ મળી કુલ રૂપિયા ૯૨,૫૦૦ એક UPI આઈડીમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. બાદમાં મહિલાને છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણે બંને મોબાઈલ નંબરના ધારકો તથા સંબંધિત UPI આઈડી ધારક સામે વાંસદા પોલીસમાં ફરિયાદનોંધાવી છે.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com

**No MAM/KNCL/RBD-DNH/182/2026/964 Dated 14/07/2026**

**APPLICANT - SHRI LADAK GOPJI VANGAD,**
**R/o. Schoolpada, Kherarbari, DNH.**
**Mob.: 9924830113/9574632585**
**V/S**
**OPPONENTS - Registrar of Births & Deaths, Kudacha.**

**NOTICE**

The public to take note that applicant Shri Ladak Gopji Vangad, R/o. Kherarbari, Schoolpada, DNH, has submitted an application dated 11/06/2026 seeking registration of date of death of his father namely Gopjibhai Ravjibhai Vangad, S/o. Bhikhliben Ravjibhai Vangad, who died on 05/03/2019 at Schoolpada, Kherarbari, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Kauncha.

Therefore, the applicant has requested to issue an order to register the death of Gopjibhai Ravjibhai Vangad, S/o. Bhikhliben Ravjibhai Vangad.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

## જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૯૦/૨૦૨૬**

**અરજદાર : રમતુભાઈ રડકાભાઈ પવાર**
**રહે.** બારતાડ, ભુતબારી ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, તોરણવેરા**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **રમતુભાઈ રડકાભાઈ પવાર** રહે. બારતાડ, ભુતબારી ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના પત્ની **મીનાબેન રમતુભાઈ પવાર**નું મરણ મોજે, તોરણવેરા, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૧/૦૨/૧૯૯૦ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧૪/૦૭/૨૦૨૬
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા










# તિરંગો : ભારતની આન, બાન અને શાનનું અમર પ્રતીક

**૨૨ જુલાઈ - રાષ્ટ્રીય ધ્વજ સ્વીકૃતિ દિવસ**

**૧૯૪૭માં ૨૨ જુલાઈએ બંધારણ સભાએ તિરંગાને સ્વીકાર્યો : હર ઘર તિરંગા અભિયાન સમયે વલસાડમાં અનેક લોકોએ ખાદી ભંડારમાંથી તિરંગાની હોંશેહોંશે ખરીદી કરી હતી : અગાઉના ધ્વજમાં રહેલા ચરખાના સ્થાને સારનાથના અશોક સ્તંભ પરથી પ્રેરિત ૨૪ આરાવાળું અશોક ચક્ર સમાવાયું**

(જિજ્ઞેશ સોલંકી)

**વલસાડ, તા. ૨૧ :** ''વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા...'' આ પંક્તિ માત્ર ગીત નથી, પરંતુ દરેક ભારતીયના હૃદયમાં વસેલી રાષ્ટ્રભક્તિની લાગણીનું પ્રતિબિંબ છે. ભારતનો રાષ્ટ્રીય ધ્વજ - તિરંગો - દેશની સ્વતંત્રતા, એકતા, અખંડિતતા, લોકશાહી અને કરોડો ભારતીયોના સ્વાભિમાનનું પ્રતીક છે. દર વર્ષે ૨૨ જુલાઈએ 'રાષ્ટ્રીય ધ્વજ સ્વીકૃતિ દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસે તા. ૨૨ જુલાઈ ૧૯૪૭ના રોજ ભારતની બંધારણ સભાએ વર્તમાન તિરંગાને સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય ધ્વજ તરીકે સ્વીકાર્યો હતો. ત્યારબાદ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશની આઝાદી સાથે લાલ કિલ્લા પર તિરંગો ગૌરવપૂર્વક ફરક્યો અને વિશ્વ સમક્ષ નવા ભારતની ઓળખ બન્યો હતો. આજના આ



ગૌરવવંતા દિવસે સ્વાતંત્ર્ય સંગ્રામથી રાષ્ટ્રીય ધ્વજ સુધીની સફર પર નજર કરીએ તો, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાષ્ટ્રીય ધ્વજ એક શક્તિશાળી પ્રેરણાસ્ત્રોત રહ્યો હતો. વિવિધ સમયગાળામાં અલગ-અલગ સ્વરૂપના ધ્વજો પ્રચલિત રહ્યા હતા. વર્ષ ૧૯૨૧માં આંધ્ર પ્રદેશના સ્વાતંત્ર્ય સેનાની પિંગળી વેંકૈયાએ એક ધ્વજની રચના રજૂ કરી, જેને મહાત્મા ગાંધી સહિતના રાષ્ટ્રીય નેતાઓએ મહત્વ આપ્યું હતું. વર્ષ ૧૯૩૧માં તિરંગાના એક સ્વરૂપને સ્વીકારવામાં આવ્યું, જે આજના રાષ્ટ્રીય ધ્વજનો આધાર બન્યું હતું. અંતે તા. ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ બંધારણ સભાએ વર્તમાન તિરંગાને સત્તાવાર સ્વીકૃતિ આપી હતી. અગાઉના ધ્વજમાં રહેલા ચરખાના સ્થાને સારનાથના અશોક સ્તંભ પરથી પ્રેરિત ૨૪ આરાવાળું અશોક ચક્ર સમાવાયું હતું.

તિરંગો માત્ર ધ્વજ નથી, તે ભારતના બંધારણમાં સમાવિષ્ટ ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જેવા મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવે છે ત્યારે તે દરેક નાગરિકને પોતાના કર્તવ્યો યાદ અપાવે છે. Flag Code of India, 2002 દ્વારા રાષ્ટ્રીય ધ્વજના પ્રદર્શન અને ઉપયોગ અંગેના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. સમયાંતરે તેમાં સુધારા પણ કરવામાં આવ્યા છે. દરેક નાગરિકને તિરંગાનું સન્માન જાળવવાની જવાબદારી છે. રાષ્ટ્રીય ધ્વજને ક્યારેય જમીન પર પડવા દેવો નહીં, ક્ષતિગ્રસ્ત ધ્વજનો ઉપયોગ ન કરવો અને તેનો ઉપયોગ એવી રીતે ન કરવો કે જેના કારણે તેના ગૌરવને ઠેસ પહોંચે. રાષ્ટ્રીય ધ્વજનું ગૌરવ જાળવવું એ માત્ર કાનૂની જવાબદારી નથી, પરંતુ દેશપ્રેમની અભિવ્યક્તિ પણ છે. તિરંગા પ્રત્યેનો આદર આપણને દેશના વિકાસ, એકતા અને લોકશાહી મૂલ્યો પ્રત્યે વધુ પ્રતિબદ્ધ બનાવે છે. તિરંગો માત્ર ત્રણ રંગોનું કાપડ નથી, તે ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન, લોકશાહી મૂલ્યો, ૧૪૦ કરોડથી વધુ ભારતીયોની આશા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત પ્રતીક છે. આવો, રાષ્ટ્રીય ધ્વજનું સન્માન કરીને વિકસિત ભારતના નિર્માણમાં આપણી જવાબદારી નિભાવીએ.

## હર ઘર તિરંગા : જનભાગીદારીનું અભિયાન

વર્ષ ૨૦૨૨માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું ગૌરવ સમાન 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરાવ્યું હતું. જેના દ્વારા દેશભરમાં લાખો નહીં પરંતુ કરોડો પરિવારો રાષ્ટ્રીય ધ્વજ સાથે જોડાયા હતા. વલસાડમાં પણ અનેક લોકોએ ખાદી ભંડારમાંથી આન, બાન અને શાન સમાન તિરંગો ખરીદી દેશનું ગૌરવ વધાર્યુ હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ દરેક ભારતીયના ઘરમાં તિરંગો પહોંચે અને રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બને તે હતો. આ અભિયાનને ગ્રામ્ય વિસ્તારોથી લઈને મહાનગરો સુધી વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો.

## તિરંગાના રંગો શું કહે છે?

રાષ્ટ્રીય ધ્વજનો દરેક રંગ એક મૂલ્યનો સંદેશ આપે છે.
- **કેસરી** - શૌર્ય, ત્યાગ, હિંમત અને નિઃસ્વાર્થ સેવા.
- **સફેદ** - સત્ય, શાંતિ, પારદર્શિતા અને સદભાવ.
- **લીલો** - પ્રકૃતિ, કૃષિ, સમૃદ્ધિ અને વિકાસ.
- **અશોક ચક્ર** - ૨૪ આરાવાળું ધર્મચક્ર સતત ગતિ, ન્યાય, કર્તવ્ય અને પ્રગતિનું પ્રતીક છે. તે સંદેશ આપે છે કે, રાષ્ટ્ર સતત આગળ વધતું રહે.

## વિશ્વમંચ પર તિરંગાની શાન

એવરેસ્ટના શિખર પર ભારતનો તિરંગો લહેરાય, ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડી વિજય મેળવે, ભારતીય વૈજ્ઞાનિકો અંતરિક્ષમાં સફળતા પ્રાપ્ત કરે અથવા આપણા સૈનિકો સરહદ પર દેશની સુરક્ષા કરે. દરેક ક્ષણે તિરંગો ભારતીયોની એકતા અને ગૌરવનું પ્રતિનિધિત્વ કરે છે.

## સમયરેખા

- **૧૯૦૬ - કોલકાતામાં પ્રારંભિક ભારતીય ધ્વજનું પ્રદર્શન.**
- **૧૯૦૭ - મેડમ ભીખાજી કામાએ જર્મનીના સ્ટુટગાર્ટમાં ભારતીય ધ્વજ ફરકાવ્યો.**
- **૧૯૨૧ - પિંગળી વેંકૈયાએ ધ્વજની મૂળ રચના રજૂ કરી.**
- **૧૯૩૧ - તિરંગાના પૂર્વ સ્વરૂપને માન્યતા મળી.**
- **૨૨ જુલાઈ, ૧૯૪૭ - બંધારણ સભાએ વર્તમાન રાષ્ટ્રીય ધ્વજ સ્વીકાર્યો.**
- **૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ - સ્વતંત્ર ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ ફરક્યો.**
- **૨૦૦૨ - Flag Code of India અમલમાં આવ્યો.**
- **૨૦૨૨ - હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત.**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Silvassa Municipal Council**
**NOTICE INVITING OBJECTION/SUGGESTION**
**Draft Dadra and Nagar Haveli and Daman and Diu Solid Waste (Handling and Management) Bye-Laws, 2026**

The Silvassa Municipal Council, Daman Municipal Council, and Diu Municipal Council have prepared the Draft Consolidated Solid Waste Management Bye-Laws under the provisions of the Dadra and Nagar Haveli and Daman and Diu Municipal Council Regulation, 2004 (as adapted), in accordance with the Solid Waste Management Rules, 2026, issued by the Government of India. These Bye-Laws have been published for suggestions and objections of all inhabitants of Silvassa, Daman and Diu Municipal area.
Email Id:- silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611

For Details, Please Scan Link: https://drive.google.com/file/d/lyPU19Uq1XLqtZiCdPfLEDPlwxGQMk1b2/view?usp=drive_link

**NO.: IP/DMN/2/5/2026-27/343 DATED :21/07/2026**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે :-

વલસાડ ડીસ્ટ્રીક્ટની સબ ડીસ્ટ્રીક્ટ વાપી તાલુકાના મોજે ચંડોર ગામે આવેલ ખેતીના ખેડ ખાતા નં.૪૪૧ વાળી નીચેના સર્વે નંબરવાળી ખેતીની જમીન ચાલી આવેલ છે.

| જુનો સર્વે નંબર | નવો સર્વે નંબર | ક્ષેત્રફળ હે.-આરે-ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|
| ૬૬/૧/પૈકી ૧ | ૮૯ | ૦૦-૪૪-૮૪ | ૦-૪૦ |

પૈસાવાળી જુની શરતની માત્ર બીન ખેતીના હેતુ માટે પ્રિમિયમને પાત્ર મિલકત આવેલી છે. તે ખેતીની જમીનવાળી મિલકત તથા તેમાં આવવા જવાનો રસ્તો, હક્ક તથા સુખાધિકાર સહીતની મિલકત આવેલી છે. તે ખેતીની જમીનવાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ હક્કો તથા સુખાધિકારો સહીતની મિલકતના માલીક શ્રી નીતીનકુમાર ગુલાબભાઈ પટેલનાએ હમારા અસીલને યાવતચંદ્ર દિવાકરો, કળકાવળ રહીત વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં અન્ય કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, લીયન હક્ક, સુખાધિકાર, માર્ગાધિકાર, ભરણ પોષણનો હક્ક કે અન્ય કોઈ હક્ક હોય તો તેઓએ દિન-૧૦ (દશ)માં આ નોટીશ પ્રસિધ્ધ થયેથી, હમોને રૂબરૂમાં મળી દસ્તાવેજી પુરાવા બતાવી ખાત્રી કરાવવી. અન્યથા અન્ય કોઈનો કોઈપણ હક્ક, હિત, હિસ્સો નથી અને/અથવા જતો કરી રીલીઝ કર્યો છે. તેમ ગણાશે અને ત્યારબાદ અન્યની કોઈ તકરાર કે વાંધો, વિરોધ, હરકત ગ્રાહ્ય ગણાશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

ઓફીસ : ૧૧, ભાનુ દર્શન કો.ઓ.હા.સો,
ગુંજન સીનેમા પાસે, જી.આઈ.ડી.સી. વાપી,
તા.વાપી, જી.વલસાડ
મો.૯૯૯૮૬ ૫૫૬૭૧

**હમારા અસીલની સુચનાથી**
**(મહિમા એલ. યાદવ)**
**એડવોકેટ એન્ડ નોટરી**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

**e- PTN No.: 18/2026-27/522**
**Tender ID No. : 2026_UTDNH_8158_1**
**Last date of download : 31/07/2026 at 12:00 hrs.**
**Last date of online submission : 31/07/2026 till 13:00 hrs.**
**Last date of hard copy submission : 31/07/2026 till 15:00 hrs.**

www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Name of work: TRANSMISSION SYSTEM FOR ESTABLISHMENT OF 2 Master Clock System along with Synchronization of Protection Relays, Disturbance Recorders and other Intelligent Electronic Devices (IEDs) at 220/66 kV Kharadpada Substation in the UT of Dadra & Nagar Haveli, Silvassa.

**Any Other Details :**
**DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.**

**NO.: IP/DMN/2/5/2026-27/342 DATED :21/07/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

**e- PTN No.: 19/2026-27/516**
**Tender ID No. :2026_UTDNH_8155_1**
**Last date of download : 05/10/2026 at 12:00 hrs.**
**Last date of online submission : 05/10/2026 till 13:00 hrs.**
**Last date of hard copy submission : 05/10/2026 till 15:00 hrs.**

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Name of work: TRANSMISSION SYSTEM FOR ESTABLISHMENT OF 2 x 160 MVA, 220/66 KV GAS INSULATED SUBSTATION (GIS) ALONGWITH LILO OF BOTH CIRCUITS OF 220 KV VAPI-II-SAYLI CIRCUIT 1 & 2 AND 2X20 MVA 66/11 KV GAS INSULATED SUB STATION (GIS) AT VILLAGE SAYLI, UT OF DNH & DD, SILVASSA

**Any Other Details :**
DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

**NO.: IP/DMN/2/5/2026-27/341 DATED :21/07/2026**



## વાપીની કંપનીમાં કામ કરતી વખતે કરંટ લાગતા એકનું મોત

વાપી તા.૨૧ : વાપી વિસ્તારની એક કંપનીમાં ગઈકાલે સાંજે ૪ઃ૩૦ વાગ્યે ગ્લાસ લગાવવાનું કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન અચાનક થ્રી ફેઝ વીજ કેબલનો સંપર્ક થતા મોટો કરંટ લાગ્યો હતો. આ ઘટનામાં બદરૂદ્દીન મહંમદ આલમ નામના ૪૫ વર્ષીય શ્રમિકનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં શાહદી ખાન, કલિમ ખાન, સહદબ ખાન, નૂર આલમ, ઈરફાન,, રસુદ્દીન અને મનુ સહિત કુલ ૭ લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે વાપીની શ્રદ્ધા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ૨ની હાલત ગંભીર હોવાથી તેમને ત્ઙ્ઘમાં દાખલ કરવામાં આવ્યા છે.

Wednesday 22, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## ડાંગમાં નીચાણવાળા ૧૦ કોઝવે ડૂબ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૧ :** ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ગતરોજથી વરસાદી માહોલ જામતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી.સોમવારે રાત્રીનાં અરસાથી મંગળવારે દિવસ દરમ્યાન ડાંગ જિલ્લાનાં સાપુતારા,શામગહાન,ગલકુંડ, બોરખલ, આહવા,પીપલાઈદેવી, પીપલદહાડ, ચીંચલી, ગારખડી, સુબિર, બરડીપાડા, કાલીબેલ, ઝાવડા, વઘઈ, ભેંસકાતરી, પિંપરી, સાકરપાતળ સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં ક્યાંક મધ્યમ તો ક્યાંક ધોધમાર સ્વરૂપેનો વરસાદ પડતા અંબિકા, ખાપરી,પૂર્ણા અને ગીરા બન્ને કાંઠે વહેતી થઈ હતી. જ્યારે ગામડાઓને સાંકળતા નાળા, વહેળાઓ પણ ઘોડાપૂર બન્યા હતા. સાથે જંગલ વિસ્તારમાં આવેલ જળધોધ,અને ઝરણાઓ પણ અપ્રિતમ બની ગયા હતા.જિલ્લામાં વરસાદી માહોલ જામતા વઘઈનો ગીરાધોધ અને ગિરમાળનો ગીરાધોધ અખૂટ જથ્થા સાથે નીચે ખાબકતા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયા હતા. ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતા વઘઈ તાલુકાનાં નીચાણવાળા ૯ કોઝવેકમ પુલો જ્યારે સુબિર તાલુકાનો ૧ કોઝવેકમ પુલ મળી ૧૦ જેટલા કોઝવેકમ પુલો પાણીમાં ગરક થઈ જતા ૨૦ જેટલા ગામો જિલ્લાના વહીવટી મથકેથી સંપર્ક વિહોણા બની પ્રભાવિત બન્યા હતા. આ ગામડાઓનું પશુપાલન સહિત જનજીવન પ્રભાવિત બન્યુ હતુ.ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાપુતારા પંથકમાં ૯૧ મિમી અર્થાત ૩.૬૪ ઈંચ, સુબિર પંથકમાં ૯૬ મિમી અર્થાત ૩.૮૪ ઈંચ, આહવા પંથકમાં ૧૧૬ મિમી અર્થાત ૪.૬૪ ઈંચ, જ્યારે સૌથી વધુ વઘઈ પંથકમાં ૧૪૦ મિમી અર્થાત ૫.૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## બીલીમોરામાં બંધ મકાનમાં રૂા.૪.૧૫ લાખની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૨૧ :** બીલીમોરામાં એક બંધ મકાનની બારીની ગ્રીલ તોડી તસ્કરો રૂા.૪,૧૫,૦૯૨ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં.

બીલીમોરાની નવજીવન કોલોનીમાં રહેતા અને બરોડા ક્રિકેટ એસોસિએશન તેમજ બીલીમોરા વી.એસ. પટેલ કોલેજમાં ક્રિકેટ કોચ તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર રમેશચંદ્ર પંચાલ ગત શનિવાર સાંજે પરિવાર સાથે દમણ ફરવા ગયા હતાં. અને તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ સવારે પોણા બારેક વાગ્યે તેઓ પરત ફર્યા હતા. ઘરમાં પ્રવેશતા જ સામાન વેરવિખેર હાલતમાં હતો. બેડરૂમની બારીની ગ્રીલ તોડેલી જોવા મળી હતી, જ્યાંથી તસ્કરોએ બંને બેડરૂમના કબાટ ખોલી રોકડ રૂ. ૧૫ હજાર, ઈંગ્લેન્ડના પાઉન્ડ ૯૫ (કિંમત અંદાજે રૂ.૧૩,૩૩૬) યુરોપના ૨૫ યુરો (કિંમત અંદાજે રૂ. ૨,૭૫૬) સોનાની ૨ પેન્ડલ વાળી ચેઈન (૨૫ ગ્રામ) રૂ. ૨ લાખ, સોનાનું ૧ બ્રેસલેટ (૫ ગ્રામ) અંદાજે રૂ. ૪૦હજાર, ૩ સોનાની વીંટીઓ (૮ ગ્રામ) અંદાજે રૂ. ૬૪ હજાર, ૧ જોડી સોનાની કાનની બુટ્ટી (૬ ગ્રામ) રૂ. ૪૮ હજાર, ૧ સોનાની વીંટી (૪ ગ્રામ) અંદાજે રૂ. ૩૨ હજાર મળી કુલ રૂ. ૪,૧૫,૦૯૨ ની ઉઠાંતરી કરી ગયા હતા. આ અંગે ઘર માલિક રાજેશકુમાર પંચાલે બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## માં કાવેરી અને ખરેરા નદી બંને કાંઠે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૧ :** ચીખલી તાલુકામાં છેલ્લા બે દિવસથી પડતા ભારે વરસાદને કારણે તાલુકા માંથી પસાર થતી નદીઓમાં પૂરની સ્થિતિ નિર્માણ થવા પામી હતી ભારે વરસાદને કારણે જનજીવન પણ પ્રભાવિત થવા પામ્યું હતું તો બીજી તરફ કેટલાક સર્વિસ રોડો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ચીખલી તાલુકામાં છેલ્લા બે દિવસથી વર્ષારાણી મન મૂકીને વરસતા ચીખલી તાલુકામાંથી પસાર થતી કાવેરી અને ખરેરા નદીમાં ભારે પુર આવ્યા હતા ચીખલી કાવેરી નદી કિનારે આવેલ તડકેશ્વર મહાદેવનું મંદિર પુરના પાણીમાં ડૂબી જવા પામ્યું હતું ત્યારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના સંખ્યાબંધ માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેના કારણે વાહન ચાલકોએ ભારે પરેશાની વેઠવાની નોબત આવી હતી તો બીજી તરફ ભારે વરસાદના કારણે અમદાવાદ મુંબઈ ટ્રેકની બાજુમાંથી પસાર થતા સર્વિસ રોડ ઉપર બે ફૂટ જેટલા પાણી સમરોલી વિસ્તારની હદમાં ભરાઈ ગયા હતા આ ઉપરાંત મજીગામ મલવાડા ઓવરબ્રિજ ની નીચે પણ પાણી ભરાઈ ગયા હતા ભારે વરસાદના કારણે ચીખલી પંથકમાં જનજીવન પણ પ્રભાવિત થવા પામ્યું હતું.

## સંજાણ ગ્રા.પં.ની સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૧ :** ઉમરગામ તાલુકાના ઐતિહાસિક સંજાણ ગામના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા સંજાણ ગ્રામ પંચાયત ખાતે સરપંચ ગુલાબભાઈના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભાનું સંચાલન તલાટી કમ મંત્રી રણજીતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સામાન્ય સભામાં ઉપસરપંચ પ્રદીપભાઈ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સભા દરમિયાન ગામના વિવિધ વિકાસલક્ષી કાર્યોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, ૧૬મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ હાથ ધરાનાર વિકાસ કાર્યોના આયોજન અને અમલીકરણ અંગે પણ વિગતવાર વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, સંજાણ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી અરજદારો દ્વારા વિવિધ પ્રશ્નો અને રજૂઆતો અંગે આપવામાં આવેલી અરજીઓનું સભામાં વાંચન કરવામાં આવ્યું હતું. અરજીઓમાં દર્શાવાયેલા પ્રશ્નોના યોગ્ય અને સમયસર નિકાલ માટે સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. સભાના અંતે ગ્રામજનોના પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવી સંજાણ ગામના સર્વાંગી વિકાસ માટે પંચાયત સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

## ધનોરીમાં ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૬ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૧ :** ગણદેવી પોલીસે બાતમીના આધારે, ધનોરી ગામ સ્થિત કાશીબા ફાર્મ હાઉસના પ્રથમ માળના રૂમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં તિલકદાસ માધવદાસ ગોંડલીયા દ્વારા બહારથી માણસો બોલાવી રમાડાતા તીનપત્તીના હાર-જીતના ગેરકાયદેસર જુગાર પર ત્રાટકીને પોલીસે ગોળ કુંડાળું વળી જુગાર રમતા તિલકદાસ માધવદાસ ગોંડલિયા,પુરુષોતમ કુમાર બદ્રી-સાદ પાલીવાલ,કમલેશકુમાર નટવરલાલ ઢીમ્મર સહિત અન્ય ત્રણ આરોપીઓને રંગેહાથે પકડી પાડ્યા હતાં, જ્યારે અન્ય ૨ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતાં.

પોલીસે સ્થળ પરથી અને આરોપીઓ પાસેથી રોકડા રૂ.૩૨,૬૪૦/-, રૂ.૫૦,૦૦૦ ની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન, ૭,૦૦,૦૦૦ ની કિંમતની અર્ટીગા કાર તથા ૩ મોટરસાયકલ તેમજ ગંજી પાના અને અન્ય સાધન-સામગ્રી મળી કુલ રૂ.૭,૮૨,૬૪૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કેસમાં પકડાયેલા આરોપીઓ પૈકી સુરજીતસિંઘ, સુખવિંદરસિંઘ અને ગુરુદેવસિંઘ ગુજરીયા અગાઉ બીલીમોરા અને સુરત સાયબર ક્રાઈમ પો.સ્ટે.માં વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

## ધરમપુર તાલુકામાં વરસાદી પાણીથી અનેક માર્ગો બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧ :** ધરમપુર તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદ વચ્ચે આજે પણ દિવસ દરમિયાન વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૩૪મીમી વરસાદ નોંધાતા સિઝનનો કુલ વરસાદ ૮૪૬ મીમી પર પહોંચ્યો છે. ભારે વરસાદના પગલે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નાના નદી-નાળા તેમજ કોઝવે-કમ-પુલ ઉપર વરસાદી પાણી ફરી વળતાં અનેક માર્ગો પર વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. ધરમપુર તાલુકાના વિવિધ ગ્રામ્ય માર્ગો પર વરસાદી પાણીના ઓવરટોપિંગના કારણે વાહનવ્યવહારને અસર પહોંચી હતી.



જોકે, પાણીનો પ્રવાહ ચાલુ હોય તે દરમિયાન કોઝવે અને પુલ પરથી પસાર થતી વખતે સાવચેતી રાખવા અને પાણીના પ્રવાહ દરમિયાન આવા માર્ગો પરથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે.

## વાપી ટાઉનમાં ઠગાઈના ૨ ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. વાપી ટાઉન પોલીસ સ્ટેશનના ગુનાહિત વિશ્વાસઘાતના ૨ ગુનામાં નાસતા ફરતા આરોપી હાર્દિક શંકરભાઈ ધોડીયા પટેલ ઉ.વ.૩૮ ને ઝડપી પાડવામાં આવ્યો છે.

સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વલસાડ એલ.સી.બી.ના પી.આઈ. એ.યુ.રોઝની સૂચનાથી પી.એસ.આઈ. જે.બી. ધનેશા સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. પકડાયેલ આરોપી વિરુદ્ધ વાપી ટાઉન પો.સ્ટે.માં વિશ્વાસઘાતના ૨ ગુના નોંધાયેલા હતા. આરોપી મૂળ મોટી તંબાડી, આહીર ફળીયા, તા.વાપીનો રહેવાસી છે. હાલ તે સાકેત બિલ્ડીંગ, સાકેત કોમ્પ્લેક્સ, ડોકમરડી, આમલી, સેલવાસ દાદરા અને નગર હવેલી ખાતે રહેતો હતો. પોલીસે આરોપીને વાપી ખાતેથી કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ માટે વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

## જિલ્લાની નદીઓમાં જળસ્તર વધ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ચીવલ, તા.૨૧ :** દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાકથી મેઘરાજાએ મન મૂકીને વરસતા જનજીવન પર અસર જોવા મળી રહી છે. વલસાડ જિલ્લામાં સતત વરસાદને કારણે અનેક નદીઓમાં જળસ્તર ઝડપથી વધ્યું છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે.



વલસાડ જિલ્લાના લોકમાતા દમણગંગા સહિત કોલક, તાન અને માન નદીઓમાં ભારે પૂર આવ્યું છે. ખાસ કરીને કપરાડા અને ધરમપુર તાલુકામાં નદીઓ બે કાંઠે વહેતી જોવા મળી રહી છે. અનેક કોઝવે અને નીચાણવાળા માર્ગો પર પાણી ફરી વળતાં વાહનચાલકોને સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે.

સતત વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે વરસાદ ખેતી માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ડાંગર સહિતના ખરીફ પાક માટે પૂરતું પાણી મળતાં ખેડૂતોમાં આશા જાગી છે. જોકે બીજી તરફ કેટલાક વિસ્તારોમાં ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં મુશ્કેલીઓ પણ ઊભી થઈ છે. પાણી ભરાવાના કારણે ડાંગરની રોપણીનું કામ વિલંબિત બન્યું છે અને પાણી ઉતર્યા બાદ જ ખેડૂતો ફરીથી ખેતરમાં કામ શરૂ કરી શકશે.

## ગુજરાતના ત્રણ કલાકારોનું ન્યુ દિલ્લીમાં કલા પ્રદર્શન યોજાશે





**વાપી, તા.૨૧ :** કલા ગુરુ જશુભાઈ નાયક દ્વારા સ્થપાયેલ કલા સંસ્થા, બી.એ મહેતા કલા મહાવિદ્યાલય અમલસાડ (ગુજરાત)ના નિવૃત્ત પ્રિન્સિપાલ કેશવ ટંડેલ, પ્રાધ્યાપક ગજુ પટેલ, પ્રાધ્યાપક જગદીશ વૈષ્ણાનીનું ઓપન પાલ્મ કોર્ટ ગેલેરી, ઈન્ડિયા હેબિટેટ સેન્ટર ન્યુ દિલ્હી ખાતે આગામી ૨૭ જુલાઈ ૨૦૨૦ થી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી કલાપ્રદર્શન યોજાય રહ્યું છે.

જેમાં ઉદઘાટક તરીકે લલિત કલા અકાદમી ન્યુ દિલ્હીના ડેપ્યુટી સેક્રેટરી એમ.સોવન કુમાર તેમજ પ્રોડક્શન એડિશનલ ઈન્ચાર્જ અને ગેલેરી ઈન્ચાર્જ અનુપમ પાંડે સાહેબ, આર્ટ હિસ્ટોરિયન ક્યુરેટર બ્લ્યુ ડોટ ગેલેરીના સંચાલિકા મેડમ મીના સીંઘજી ન્યુ દિલ્હી તેમજ દિલ્હીના અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામાંકિત જાણીતા કલાકાર અને પ્રિન્ટ મેકર જયંત ગજેરાજી ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે.

પ્રદર્શનમાં રજૂ થનારી લગભગ ૧૦૦ થી વધુ કલાકૃતિઓ કેનવાસ અને કાગળ પર અંકિત થઈ છે.

જેમાં મુખ્યત્વે ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિ અને ભારતીય પૌરાણિક આધ્યાત્મિક વિષયને આવરી લેવાયો છે.

રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ થી સન્માનિત ત્રણે કલાકારોના કલા પ્રદર્શનનો ત્રિપર્ણ આર્ટિસ્ટ ગ્રુપ તરીકે સમયાન્તરે યોજાતા રહે છે, જેમાં કલાચાહકોનો ઉમદા પ્રતિસાદ મળતો રહે છે.

## વાઠોડા ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧ :** ધરમપુર તાલુકાના વાઠોડા ગામે હનુમાન મંદિર પાસે ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે છાપો મારતા ગત રાત્રે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

વરલી મટકાનો જુગાર રમનારાઓ પૈકી નીચે મુજબ ના આરોપીઓની અટક કરી હતી જેમા મોહનભાઈ ચંદરભાઈ જાદવ (ઉ.વ. આશરે ૪૦), કમલેશભાઈ રાજીરામભાઈ જાદવ (ઉ.વ. આશરે ૩૩), આનંદભાઈ ચંદરભાઈ જાદવ (ઉ.વ. આશરે ૩૭), તમામ રહે. વાઠોડા, તા. ધરમપુર, તેમજ સુનીલભાઈ રવજીભાઈ ગાંવિત, રહે. વાંગણ ગામ. પોલીસની પ્રાથમિક વિગતો મુજબ, આરોપીઓ એકબીજાની મદદગારીથી વગર પાસ-પરમિટે આંક-ફરકથી વરલી મટકાનો હાર-જીતનો જુગાર રમતા-રમાડતા ઝડપાયા હતા.

પોલીસે સ્થળ પરથી વરલી મટકાના જુગારના સાધનો, જેમાં મોબાઈલ ફોન નંગ-૧, કાપલી બુક નંગ-૧, બોલપેન નંગ-૧, આંક લખેલી કાપલી નંગ-૨ તેમજ આરોપીઓની અંગઝડતીમાંથી મળેલ રૂ. ૧,૬૮૦ રોકડ સહિત કુલ રૂ. ૬,૬૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## વાપીની સગીરા સાથે દુષ્કર્મ કેસમાં આરોપીના આગોતરા જામીન નામંજૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વાપીમાં ૧૭ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડો. એચ.એન. વકીલની કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. આરોપી અશરફ હુસૈન માકંડનાઓ દ્વારા પોલીસ ધરપકડથી બચવા માટે કરવામાં આવેલી આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે. સરકાર પક્ષે ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ દલીલો કરતા જણાવ્યું હતું કે આરોપીએ સગીરા સાથે સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ તા. ૧૮/૧૨/૨૦૨૫ થી તા. ૦૩/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન લગ્નની લાલચ આપી હતી. આ લાલચમાં ફસાવીને આરોપીએ સગીરાને વાપી ખાતેના બંગલામાં તેમજ દમણ લઈ જઈને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.

આટલું જ નહીં, આ સમય દરમિયાન આરોપીએ સગીરા પાસેથી સોનાની ચેઈન, પેન્ડલ, રિંગ મળી કુલ ૨૪ ગ્રામના દાગીના જેની કિંમત અંદાજે ૨.૫૦ લાખ રૂપિયા થાય છે અને ઘડિયાળ સહિતની વિવિધ વસ્તુઓ ખરીદવાના બહાને ૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ અંગે સગીરાના પરિવારજનોએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી ધરપકડના ભયથી કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. પરંતુ કોર્ટે સરકારી વકીલની દલીલો અને કેસની ગંભીરતા ધ્યાનમાં રાખીને આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું કે આવા ગંભીર ગુનામાં આગોતરા જામીન આપી શકાય નહીં. પોલીસ હવે આરોપીની ધરપકડની કાર્યવાહી હાથ ધરશે.

## કોચરવામાં બુલેટ ટ્રેનના કામથી ઘરોમાં પાણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** નાનાપોંઢા તાલુકાના કોચરવા વેરી ફળીયામાં રહેતા જશવંતભાઈ કીકુભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને બુલેટ ટ્રેનની કામગીરીને કારણે ઘર અને આસપાસમાં ભરાતા પાણીની સમસ્યાનો કાયમી નિકાલ કરવાની માંગ કરી છે.

બુલેટ ટ્રેનનો રસ્તો અંદાજે પાંચ ફૂટ જેટલો ઊંચો બનાવી દેવામાં આવ્યો છે,

જેના કારણે ચોમાસા દરમિયાન આસપાસની જમીનમાં ખાડા પડી જાય છે અને ચોમાસાનું પાણી તેમના ઘરમાં એક ફૂટ જેટલું ભરાઈ જાય છે.

તેમણે આવેદનપત્રમાં વધુમાં ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષથી તેઓ આ ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ અંગે તેઓ દર વર્ષે સબંધિત વિભાગો અને તંત્રને અરજી કરે છે, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. ખાસ કરીને બુલેટ ટ્રેનના પિલર નંબર 173 P02 અને 173-P03 પાસે પાણીનો યોગ્ય નિકાલ ન હોવાથી ઘરમાં પાણી ભરાઈ જવાની મુશ્કેલી ઊભી થાય છે.

## વાપી મનપાની કારોબારી બેઠક આવતી કાલે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની માસિક બેઠક ૨૩ ૭ ૨૦૨૬ ને ગુરૂવારના રોજ ચેરમેન સતીશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાશે. બેઠકમાં રાજ્ય સરકારના પરિપત્ર મુજબ મહાનગરપાલિકાના કોર્પોરેટરોના માનદ વેતન અને ભથ્થાની જોગવાઈ અંગે વિચારણા કરવામાં આવશે. વાપી મનપા પણ પોતાના સૂચનો સરકાર સમક્ષ રજૂ કરશે.

આ ઉપરાંત શહેરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે રાજ્ય સરકારના નિર્દેશ અનુસાર નિયમોનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ અંગે પણ નિર્ણય લેવામાં આવશે. ચોમાસાની ઋતુ દરમિયાન ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગોનો -કોપ ન વધે તે માટે જરૂરી પગલાં અંગે ચર્ચા થશે. તાજેતરમાં વાપી વિસ્તારમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારો અને અંડરપાસમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતા, ભવિષ્યમાં એકસાથે ભારે વરસાદ પડે ત્યારે વરસાદી પાણીનો ઝડપી નિકાલ કેવી રીતે કરવો તે અંગે પણ આયોજન પર વિચારણા કરવામાં આવશે. બેઠકમાં જનભાગીદારી યોજનાના અંતર્ગત સોસાયટીઓમાં પેવર બ્લોક સહિતના વિકાસકાર્યોને મંજૂરી આપવા અંગેના પ્રસ્તાવો પણ રજૂ કરવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતીશ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ કોર્પોરેટરોના ભથ્થા સહિતના મુદ્દાઓ પર સભ્યોના સૂચનો અને રજૂઆતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે. શહેરના હિતને ધ્યાનમાં રાખીને બેઠકમાં અનેક મહત્વપૂર્ણ ઠરાવો મંજૂર થવાની સંભાવના છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**